# AYR

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of the post** | **Office Superintendent,(GWSSB), Class-2** |
| **Advertisement No.** | **46/2020-21** |
| **Preliminary Test held on** | **12-09-2021** |
| **Question No** | **001 – 300** |
| **Publish Date** | **14-09-2021** |
| **Last Date to Send Suggestion(s)** | **21-09-2021** |

**THE LINK FOR ONLINE OBJECTION SYSTEM WILL START FROM 15-09-2021; 04:00 PM ONWARDS**

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical submission of suggestions will not be considered.

(2) Question wise suggestion to be submitted in the prescribed format (proforma) published on the website / online objection submission system.

(3) All suggestions are to be submitted with reference to the Master Question Paper with provisional answer key (Master Question Paper), published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question, Question No. & options of the Master Question Paper.

(4) Suggestions regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted suggestions are differed.

(6) Objection for each question should be made on separate sheet. Objection for more than one question in single sheet shall not be considered.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે વાંધાં-સૂચનો ફક્ત **ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન** સીસ્ટમ દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ અથવા ટપાલ દ્વારા આયોગની કચેરીએ મોકલવા આવેલ વાંધા-સૂચનો ધ્યાને લેવામા આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

(2) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ / ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન સીસ્ટમ પર પ્રસિધ્ધ થયેલ નિયત નમૂનાનો જ ઉપયોગ કરવો.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં.

(5) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચનો ધ્યાનમા લેવાશે નહીં.

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચનો પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.

**Website link for online objection submission system : www.safevaults.in/login**

001. Rogan art (રોગન કળા) વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(A) આ કળા કૃતિ માટે, શીત જળમાં ઢાળ (casting) ચઢાવતાં પહેલાં દિવેલ (castor oil) ને અગ્નિમાં બાર કલાકથી વધુ સમય માટે ગરમ કરવામાં આવે છે.

(B) રોગન ચિત્રકળા (Rogan painting) એ અતિશય સુંદર (બારીક) ચિત્રકળા છે અને તેની ઉત્કૃષ્ટ ભાતમાં ફારસી (Persian) નો પ્રભાવ જોવા મળે છે.

(C) (A) તથા (B) બંને

(D) (A) અથવા (B) એક પણ નહીં

002. 'તમાશા' તરીકે જાણીતી પરંપરાગત નાટ્યશાળા વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. તમાશા બે પ્રકારના હોય છે એક ઢોલકી ભારી (Dholki Bharri) અને બીજા સંગીત બારી (Sangeet Baari)

2. તમાશાના અભિનય સાથે પરંપરાગત રીતે કોલ્હટી (Kolhati) સમુદાય સંકળાયેલા છે.

3. તમાશા નાટ્યશાળા એ મુખ્યત્વે મધ્યપ્રદેશમાં જોવા મળે છે.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 1 અને 2

003. ગિરનારના શિલાલેખ પર નીચેના પૈકી કઈ ઐતિહાસિક ઘટનાઓ અથવા સિદ્ધિઓ અથવા કૃતિઓનો ઉલ્લેખ કરવામાં આવેલ છે ?

1. મહાન મૌર્ય સમ્રાટ અશોકની ઘોષણાઓ (Proclamations) અને ધર્મોપદેશ (Sermons)

2. (શક) પશ્ચિમી ક્ષત્રપ શાસક રૂદ્રદામન પહેલા દ્વારા જળાશયનો પુનરૂદ્ધાર

3. આ શિલાલેખ ઉપર બ્રામી લિપિમાં ગુપ્ત સમ્રાટ ચંદ્રગુપ્તના પ્રાચીન વિસ્તૃત સંસ્કૃત શિલાલેખ પણ છે.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 1 અને 2

004. નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. ભૂજનો આઈના મહલ એ ભારતમાં નિર્માણ કરવામાં આવેલ Indo-saracenic સ્થાપત્યનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

2. દરબાર હોલ, અરીસાનો સભાખંડ અને વિલા (suites) ના બાંધકામની વિશેષતા એ રજવાડી પરિવારના વિવિધ સદસ્યો સાથે જોડાયેલી છે.

3. આઈના મહલ એ ઈટાલીયન શૈલીના ઝુમ્મરો રજતની ચીજવસ્તુઓ, ઘડિયાળથી સુશોભિત હતો.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2 અને 3 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 2 અને 3 (D) માત્ર 1 અને 3

005. ગુજરાતમાં સિંધુ ખીણની સંસ્કૃતિના સ્થળ બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. સિંધુ ખીણની સંસ્કૃતિના સ્થળોમાં લોથલ એક માત્ર એવું સ્થળ છે જ્યાંથી કૃત્રિમ ઈંટ ગોદીવાડો (brick dockyard) મળી આવેલ છે.

2. ધોલાવીરા ખાતેથી વિશ્વના સૌપ્રથમ ભરતી બંદર (Tidal Port) નું ઉત્ખનન કરવામાં આવ્યું હતું.

3. માત્ર ધોલાવીરાના સ્થળ ખાતે મિડલ ટાઉન મળા આવેલ છે.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3

006. ગુજરાતના હુડો (Hude) નૃત્ય વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(A) તે ગુજરાતના ભરવાડ સમુદાયના ભરવાડ જાતિના લોકનૃત્યનો પ્રકાર છે.

(B) તેમાં નૃત્યના અંતે પોતાના જીવનસાથીની પસંદગી કરવાની પરંપરા છે.

(C) (A) તથા (B) બંને

(D) (A) અથવા (B) એક પણ નહીં

007. નીચેના પૈકી કઈ મુદ્રા ઉપર 'શૃંગાશ્વ' (Unicorn) ચિત્રિત કરવામાં આવેલ છે ?

(A) હરપ્પન મુદ્રાઓ (Harappan seals)
(B) બેબીલોનની તકતીઓ (Babylonian tablets)
(C) ચીની તકતીઓ (Chinese plaques)
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

008. બસોહલી (Basohli) એ .......... કેન્દ્ર તરીકે જાણીતું છે.

(A) મેવાડ લઘુચિત્ર ચિત્રકળા (Mewar miniature painting)

(B) ફારી લઘુચિત્ર ચિત્રકળા (Pahari miniature painting)

(C) બિજાપુર શૈલી ચિત્રકળા (Bijapur school painting)

(D) મુઘલ ચિત્રકળા (Mughal painting)

009. નીચેના પૈકી કયું વિધાન સત્ય છે ?

1. લકુલિશ સંપ્રદાય એ શૈવવાદની શાખા છે.

2. પાવાગઢ અને કાયાવરોહણ એ લકુલિશ મંદિરો છે.

3. લકુલિશ એ જૈન સંપ્રદાય સાથે સંબંધિત છે.

4. લકુલિશ એ ગ્રામ્ય દેવતાનું સ્વરૂપ છે.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 3 અને 4
(B) માત્ર 1, 2 અને 3
(C) માત્ર 1 અને 2
(D) 1, 2, 3 અને 4

010. નીચેના પૈકી કયા સ્થળે (Rock Painting ખડક ચિત્રકળા) જોવા મળે છે.

(A) વિજયનગર
(B) વિદ્યાનગર
(C) ભીમબેટકા
(D) ભટિંડા

011. તંબૂરા એ .......... પ્રકારનું સંગીતનું વાદ્ય છે.

(A) સુષિર વાદ્ય (Wind instrument)
(B) તંતુ વાદ્ય (String instrument)
(C) ઢોલ
(D) દંડા

012. જેનો ઋગ્વેદમાં ઉલ્લેખ કરેલ છે તે મહાનયુદ્ધમાં નીચેના પૈકી કયા રાજાએ દસ રાજાઓના સંઘને હરાવ્યા હતા ?

(A) તુરવાસ (Turvasas)
(B) સુદાસ (Sudasa)
(C) પુરૂરવા (Pururavas)
(D) દ્રુહ્યુ (Druhyu)

013. નીચેના પૈકી કયા સમયગાળા દરમ્યાન ગુજરાતમાંથી ઈન્ડો-ગ્રીક (Indo-Greek) ચલણી સિક્કાઓ ઉપલબ્ધ થયેલ છે ?

(A) મૈત્રક
(B) મૌર્ય
(C) ઈસ્લામિક
(D) ક્ષત્રપ

014. ગુજરાતના નીચેના પૈકી કયા ચાલુક્ય રાજાએ મહંમદ ઘોરીને હરાવ્યો હતો ?

(A) મૂળરાજ બીજો
(B) ભીમ પહેલો
(C) જયસિંહ પહેલો
(D) અજયપાલ

015. 1857ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન 'First Ahmedabad Rising' (અમદાવાદનો પ્રથમ ઉદય) ક્યારે થયો ?

(A) માર્ચ 1857
(B) મે 1857
(C) જુલાઈ 1857
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

016. નીચેના પૈકી કોણ 1942માં ભારતના ગવર્નર-જનરલ હતા ?

(A) લોર્ડ વેવેલ (Lord Wavell)
(B) લોર્ડ લીટન (Lord Lytton)
(C) લોર્ડ લીનલીથગો (Lord Linlinthgow)
(D) લોર્ડ માઉન્ટબેટન (Lord Mountbatten)

017. નીચેના પૈકી કોણે મોરબીમાં ટેલીફોનીક દૂરસંચારનો પ્રારંભ કર્યો ?

(A) કાન્યાજી રાવજી
(B) જયાજી રાવજી
(C) લખધીરજી રાવજી
(D) વાઘજી રાવજી

018. બેક્ટ્રીયા (Bactria) ના રબાતક (Rabatak) શિલાલેખથી સ્થાપિત થયું છે કે કુજુલા કડફીસ (Kujula Kadphises) .......... વંશના સ્થાપક હતા.

(A) પાલ (Pala)
(B) નંદ
(C) કુષાણ
(D) શુંગ

019. જ્યારે .......... એ આમરણાંત ઉપવાસ શરૂ કર્યા ત્યારે 1932નો કોમી ચૂકાદો એ પૂના કરાર દ્વારા સુધારવામાં આવ્યો.

(A) વલ્લભભાઈ પટેલ
(B) મહાત્મા ગાંધી
(C) જવાહરલાલ નેહરૂ
(D) બી.આર. આંબેડકર

020. સિંધુ ખીણની સંસ્કૃતિ એ .......... સાથે જોડાયેલી છે.

(A) મધ્ય પાષાણ યુગ
(B) નવ્ય (New) પાષાણ યુગ
(C) કાંસ્ય યુગ
(D) લોહ યુગ

021. નીચે આપેલા ચીની યાત્રીઓ પૈકી, પોતાની ભારતની મુલાકાતનો દસ્તાવેજ રાખનાર સૌપ્રથમ યાત્રી .......... હતો.

(A) ફાહીયાન (Fa-hien)
(B) સુંગ યુન (Sung Yun)
(C) હ્યુએન ત્સાંગ (Hiuen Tsang)
(D) હ્યુ-ચાઓ (Hui-Chao)

022. પુરાણો અનુસાર, છેલ્લો મૌર્ય શાસક .......... હતો.

(A) કૃણાલ
(B) બ્રિહદ્રથ
(C) સંપ્રિતિ
(D) દશરથ

023. ગુજરાતના શાસક .......... એ ઈજીપ્ત સાથે જોડાણ કરીને ચૌલ નજીક પોર્ટુગીઝ નૌ સેના ટુકડીને હરાવી હતી.

(A) અહમદ શાહ પહેલો
(B) મહમુદ પહેલો
(C) બહાદુર શાહ
(D) કાદીર શાહ

024. નરસિંહ પટેલ દ્વારા રચિત પુસ્તક 'દેશી વનસ્પતિની દવાઓ' એ .......... વિશે છે.

(A) દવા
(B) આયુર્વેદિક પ્રચાર
(C) મોબાઈલ ડિસ્પેન્સરી
(D) બોબની બનાવટ

025. રણજીતસિંહની રાજધાની .......... હતી.

(A) અંબાલા
(B) અમૃતસર
(C) લાહોર
(D) પેશાવર

026. 2001-2010 ના દાયકા દરમ્યાન ગુજરાતના નીચેના પૈકી કયા જિલ્લામાં કુલ વસ્તીની મહત્તમ દાયકા વૃદ્ધિ હતી ?

(A) સુરત
(B) બનાસકાંઠા
(C) દાહોદ
(D) કચ્છ

027. નીચેના પૈકી કયું / કયા વિધાન સત્ય છે ?

1. ગુજરાત એ કૃષિ આબોહવા ક્ષેત્ર - XII માં આવે છે કે જે ગુજરાતના મેદાનો અને ડુંગરાળ વિસ્તારો કહેવાય છે.

2. ગુજરાતનો મોટા ભાગનો વિસ્તાર એ મેગા ઉષ્ણતા પ્રકાર હેઠળ આવે છે અર્થાત જમીનનું તાપમાન 28° C થી વધુ હોય છે.

3. ગુજરાત રાજ્ય એ 20°1’ અને 24°7’ ઉત્તર અક્ષાંશ તેમજ 68°4’ અને 74°4’ પૂર્વ રેખાંશની વચ્ચે આવેલ છે.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) માત્ર 1 અને 3

028. નીચેના પૈકી કઈ પર્વતમાળાને તેના બે ઢોળાવો પર બે અલગ પ્રકારની વનસ્પતિઓ (નિત્યલીલા જંગલો અને પાનખર જંગલો) ધરાવે છે ?

(A) વિંધ્ય (B) અરવલ્લી

(C) પશ્ચિમઘાટ (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

029. ખંભાતના અખાત બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(A) ખંભાતનો અખાત 80 માઈલની લંબાઈ ધરાવે છે કે જે પશ્ચિમમાં કાઠિયાવાડ દ્વિપકલ્પને પૂર્વમાં ગુજરાત રાજ્યના પૂર્વભાગથી અલગ કરે છે.

(B) મુખ્ય નદીઓ નર્મદા અને તાપી અહીં તેમનું પાણી સમુદ્રમાં ઠાલવે છે.

(C) (A) તથા (B) બંને

(D) (A) અથવા (B) એક પણ નહીં

030. ગુજરાતમાં નદીઓ બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. મહી નદી એ મધ્યપ્રદેશમાં વિંધ્યાચળની ટેકરીઓમાંથી ઉદ્‌ભવે છે અને ખંભાતના અખાતને મળે છે.

2. રૂપેણ નદી એ તારંગાની ટેકરીઓમાંથી ઉદ્‌ભવે છે અને કચ્છના નાના રણને મળે છે.

3. શેત્રુંજી નદી ગીરના જંગલોમાંથી ઉદ્‌ભવે છે અને ખંભાતના અખાતને મળે છે.

4. સરસ્વતી નદી એ માતાના મઢ ગામ નજીકથી ઉદ્‌ભવે છે અને કોરીક્રીક નજીક અરબી સમુદ્રને મળે છે.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 1, 2 અને 3 (C) માત્ર 2, 3 અને 4 (D) માત્ર 1 અને 4

031. ગુજરાતમાં વન વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. ગુજરાતના ભૌગોલિક વિસ્તારનો માત્ર 11.04% વિસ્તાર વન ક્ષેત્ર તરીકે ઘોષિત કરેલ છે જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં ખૂબ નીચો છે.

2. તેના ભૌગોલિક વિસ્તારના 11.74% એ વન અને વૃક્ષ આચ્છાદિત ક્ષેત્ર છે.

3. પ્રાણી જીવ વૈવિધ્ય એ દેશની કુલવસ્તીના 14% માછલીઓ, 18% સરિસૃપો, 37% ખેચર (avi) પ્રાણીઓ અને 25% સસ્તન પ્રાણીઓ છે.

4. તેમાં 6 રાષ્ટ્રીય ઉદ્યાનો, 13 અભ્યારણ્યો છે અને કોઈપણ સંરક્ષણ આરક્ષિત ક્ષેત્ર નથી.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 2, 3 અને 4 (C) 1, 2 અને 4 (D) માત્ર 3

032. નીચેના પૈકી કયું એ સુનામી આપત્તિનું કારણ નથી ?

(A) સંપાત વિનાશક પ્લેટો

(B) સૂર્ય અને ચંદ્રનું ગુરૂત્વાકર્ષી ખેંચાણ

(C) સમૂદ્રની સપાટી નીચેના શક્તિશાળી ધરતીકંપ અને જ્વાળામુખીની સક્રિયતા

(D) સમુદ્રની સપાટી નીચેના વ્યાપક ભૂસ્ખલન

033. પૃથ્વીના આંતરિક બંધારણનો કયો વિભાગ (સ્તર) એ સૌથી ઊંચા તાપમાન અને દબાણની લાક્ષણિક્તા ધરાવે છે ?

(A) Asthenosphere
(B) Lower Mantle
(C) Gutenberg Discontinuity
(D) Inner Core

034. નીચેના ગ્રહ સમુહો પૈકી કયા એ સૌર મંડળના 'Gas Giants' કહેવાય છે ?

(A) મંગળ, શની, યુરેનસ અને નેપ્ચુન
(B) શની, યુરેનસ, નેપ્ચુન અને પ્લુટો
(C) ગુરૂ, શની, યુરેનસ અને નેપ્ચુન
(D) ઉપરોક્ત તમામ

035. 'Push and Pull Theory' એ વસ્તીના નીચેના પૈકી કયા ઘટક (component) સાથે સંબંધિત છે ?

(A) સ્થળાંતર
(B) વસ્તી વિષયક સંક્રમણ
(C) શહેરી અને ગ્રામીણ વર્ગીકરણ
(D) જાતિ ગુણોત્તર

036. નીચે આપેલા નદીઓના જૂથ પૈકી કયા જૂથની નદીઓનું ઉદ્‌ગમસ્થાન ભારતીય હિમાલયમાં નથી ?

(A) સિંધુ, સતલજ અને બ્રહ્મપુત્રા
(B) ગંગા, યમુના અને તિસ્તા
(C) કોસી, સરયુ અને તોણ
(D) રાવી, સિંધુ અને બ્રહ્મપુત્રા

037. 2011માં જાહેર વિતરણ પ્રણાલીને રોકડ હસ્તાંતરણ (cash transfer) ની યોજનામાં પ્રતિસ્થાપિત (replacement) કરવાની ભલામણ કરનાર સમિતિના અધ્યક્ષ કોણ હતા ?

(A) અરવિંદ પાંગરીયા
(B) સી. રંગરાજન
(C) એમ.એસ. અહલુવાલિયા
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

038. કોઈપણ દેશનો આર્થિક વિકાસ નીચેના પૈકી કયા પરિબળ પર આધારિત છે ?

1. મૂડી નિર્માણ

2. કુદરતી સ્ત્રોતો

3. બજારનું કદ

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 2 અને 3
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 1 અને 2
(D) 1, 2 અને 3

039. જ્યાં ખેતી .......... હોય તેવી પરિસ્થિતિમાં પ્રચ્છન્ન (છૂપી) બેરોજગારી (Disguised unemployment) સંભવિત છે.

(A) વાણિજ્યિક (વ્યાપારી કૃત commercialized)
(B) નિકાસ માટે થતી હોય
(C) રોકડ પાક ઉગાડવા માટે થતી હોય
(D) નિર્વાહ સ્તર પર હોય

**040.** .......... થી ભારતીય આયોજન એ સૂચક (indicative) સ્વરૂપનું બન્યું.

(A) 4થી પંચવર્ષીય યોજના
(B) 7મી પંચવર્ષીય યોજના
(C) 8મી પંચવર્ષીય યોજના
(D) 10મી પંચવર્ષીય યોજના

**041.** .......... નું માપન કરવા માટે 'Mahalanobis Distance' નો ખ્યાલ વિકસાવવામાં આવ્યો.

(A) કોઈ કૃષિ ક્ષેત્રની ઉત્પાદન ક્ષમતા અને સંભવતઃ ઉપજનાં અનુમાન
(B) ઔદ્યોગિક ઉત્પાદનના અંદાજ
(C) પંચવર્ષીય યોજનાના લક્ષ્યાંકોના અંદાજ
(D) અર્થતંત્રના વૃદ્ધિ દરના અંદાજ

**042.** ગઈ વાયબ્રન્ટ ગુજરાત સમિટનો મુખ્ય વિચાર (Theme) .......... હતો.

(A) રાજ્યમાં વધુ SEZ ની સ્થાપના કરવાનો
(B) નવા ભારતનું નિર્માણ કરવાનો
(C) ઔદ્યોગિક ઉત્પાદનમાં વધારો કરવાનો
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

**043.** ગુજરાતના તાજેતરના અંદાજપત્ર બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. ગુજરાતની 2021-22ની Gross State Domestic Product (GSDP) (કુલ રાજ્ય સ્થાનિક ઉત્પાદન) (વર્તમાન કિંમતે) રૂા. 18,79,826 કરોડ અંદાજિત કરવામાં આવેલ છે.
2. તે 2019-20ના વાસ્તવિક GSDP કરતા 7% ની વાર્ષિક વૃદ્ધિ છે અને 2020-21ના GSDP ના સુધારેલા અંદાજ કરતાં 13.3% વધુ છે.
3. 2021-22નો કુલ ખર્ચ રૂા. 3,23,333 કરોડ અંદાજિત કરવામાં આવેલ છે.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2 અને 3
(B) માત્ર 1 અને 2
(C) માત્ર 2 અને 3
(D) માત્ર 1 અને 3

**044.** ભારતના સામાજીક આર્થિક સર્વેક્ષણ 2020-21 બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. આર્થિક સર્વેક્ષણ 2020-21 એ Covid-19 થી અવસાન પામેલા લોકોને સમર્પિત કરવામાં આવ્યું.
2. ભારતે મજબૂતીકરણ, રાજકોષીય, નાણાંકીય અને લાંબાગાળાના માળખાકીય સુધારાની ચાર-સ્તંભીય રણનીતિ અપનાવેલ છે.
3. નાણાંકીય વર્ષ 2021-22માં ભારતની વાસ્તવિક GDP (Real GDP) 11% ના નોંધપાત્ર વૃદ્ધિ દરે તેમજ વર્તમાન GDP (Nominal GDP) એ 15.4% ના વૃદ્ધિ દરે થશે.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2 અને 3
(B) માત્ર 1 અને 2
(C) માત્ર 1 અને 3
(D) માત્ર 2 અને 3

**045.** ભારતના સંદર્ભમાં રાષ્ટ્રીય આવક એ તમામ ભારતીયોની એકત્રિત આવક છે. નીચેના પૈકી કઈ એ રાષ્ટ્રીય આવકને સમતુલ્ય (equivalent) છે ?

(A) બજાર કિંમતે કુલ સ્થાનિક ઉત્પાદન
(B) ઘટકીય (factor) કિંમતે ચોખ્ખું સ્થાનિક ઉત્પાદન
(C) બજાર કિંમતે ચોખ્ખું રાષ્ટ્રીય ઉત્પાદન
(D) ઘટકીય (factor) પડતર પર ચોખ્ખું રાષ્ટ્રીય ઉત્પાદન

**046.** માનવ વિકાસ સૂચકાંકમાં સાક્ષરતા દર, જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય અને .......... સમાવેશ થાય છે.

(A) US ડોલરમાં માથાદીઠ રાષ્ટ્રીય આવક

(B) US ડોલરમાં માથાદીઠ કુલ સ્થાનિક ઉત્પાદન

(C) વાસ્તવિક ખરીદ શક્તિ એ માથાદીઠ કુલ સ્થાનિક ઉત્પાદન

(D) US ડોલરમાં કુલ રાષ્ટ્રીય ઉત્પાદન

**047.** કરવેરા એ વિવિધ વર્ગોમાં આવકનું પુનઃવિતરણ કરવાની પ્રથા છે. કર દ્વારા આવકના પુનઃવિતરણને .......... દ્વારા શ્રેષ્ઠ રીતે લાવી શકાય છે.

(A) પ્રગતિશીલ (આરોહી) કરવેરા સાથે પ્રગતિશીલ (આરોહી) ખર્ચ

(B) પ્રગતિશીલ (આરોહી) કરવેરા સાથે પ્રતિગામી (આવરોહી) ખર્ચ

(C) પ્રતિગામી (અવરોહી) કરવેરા સાથે પ્રતિગામી (અવરોહી) ખર્ચ

(D) પ્રતિગામી (અવરોહી) કરવેરા સાથે પ્રગતિશીલ (આરોહી) ખર્ચ

**048.** 14મા નાણા પંચ બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(A) તેમાં રાજ્યોની કેન્દ્રીય વિભાજીત હિસ્સામાં ભાગીદારી 32% થી વધારી 42% કરવામાં આવી.

(B) તેમાં ક્ષેત્ર નિર્દિષ્ટ અનુદાન અંગેની ભલામણો કરી છે.

(C) (A) તથા (B) બંને

(D) (A) અથવા (B) એક પણ નહીં

**049.** બંધારણ સભાની સંઘ બંધારણ સમિતિના અધ્યક્ષ નીચેના પૈકી કોણ હતા ?

(A) બી.આર.આંબેડકર

(B) જે.બી.ક્રિપ્લાની

(C) જવાહરલાલ નેહરૂ

(D) અલાદી ક્રિષ્ણાસ્વામી ઐયર

**050.** ભારતના ઈતિહાસના સંદર્ભમાં પ્રાંતોમાંથી બંધારણ સભાના સદસ્યો એ .......... .

(A) તે પ્રાંતોના લોકો દ્વારા સીધા ચૂંટી કાઢવામાં આવ્યા હતા.

(B) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અને મુસ્લિમ લીગ દ્વારા નામાંકિત કરવામાં આવ્યા હતા.

(C) પ્રાંતીય ધારા સભાઓ દ્વારા ચૂંટી કાઢવામાં આવ્યા હતા.

(D) બંધારણીય બાબતોમાં તેઓ નિષ્ણાંત જાણકારી ધરાવતા હોવાથી સરકાર દ્વારા તેમને પસંદ કરવામાં આવ્યા હતા.

**051.** નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. બંધારણ સુધારા (86મો) અધિનિયમ 2002 હેઠળ, બંધારણમાં કલમ 21A (Article 21A) દાખલ કરવામાં આવ્યો.
2. બંધારણની કલમ 21A (Article 21A) હેઠળ 6 થી 14 વર્ષની ઉંમરના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ મેળવવાનો હક રહેશે.
3. કલમ 21A (Article 21A) એ માત્ર લઘુમતી જૂથને જ લાગુ પડે છે.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2　(B) માત્ર 2 અને 3　(C) માત્ર 1 અને 3　(D) 1, 2 અને 3

052. સમાન નાગરિક સંહિતા (Uniform Civil Code) એ વ્યક્તિગત કાયદાઓને બદલે પ્રત્યેક નાગરિકને નિયંત્રિત કરતા સમાન કાયદાઓના સમુચ્ચય (set) ની દરખાસ્ત છે. સમાન નાગરિક સંહિતા એ નીચેના પૈકી કઈ બાબતને સંબંધિત નથી?

(A) લગ્ન (B) વારસાઈ (C) નિભાવ (D) બદનક્ષી

053. કેબીનેટ સમિતિઓના સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. ભારતના બંધારણ હેઠળ કેબીનેટ સમિતિઓ પૂરી પાડવામાં આવે છે.

2. બિન-કેબીનેટ સદસ્યો એ કેબીનેટ સમિતિઓના સદસ્યો બની શકે છે.

3. પ્રધાનમંત્રી એ તમામ કેબીનેટ સમિતિઓનું નેતૃત્વ કરે છે.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 (C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3

054. લોકસભાના અધ્યક્ષની સત્તા અને ફરજોનો .......... માં ઉલ્લેખ કરવામાં આવેલ છે.

1. ભારતના બંધારણ

2. લોકસભાની કાર્યવાહી અને વ્યવસ્થા સંચાલન અંગેના નિયમો

3. સંસદીય પ્રણાલી

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) માત્ર 1 અને 3

055. .......... વિધેયક પસાર કરતી વખતે લોકસભા અને રાજ્યસભા વચ્ચે થયેલી મડાગાંઠ માટે સંસદની સંયુક્ત બેઠક બોલાવવી પડે છે.

1. સામાન્ય વિધેયક (Ordinary Bill)

2. નાણાં વિધેયક (Money Bill)

3. વિત્તીય વિધેયક (Finance Bill)

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3

056. બંધારણની કઈ કલમ હેઠળ રાષ્ટ્રપતિની સત્તાઓ અંગેનો વટહુકમ (Ordinance) જારી કરવામાં આવેલ છે ?

(A) કલમ 121 (B) કલમ 122 (C) કલમ 123 (D) કલમ 124

057. બજેટનો અધિનિયમ ઘડવા બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. સંસદ એ કરવેરા વધારી, ઘટાડી કે નાબૂદ કરી શકે.

2. બંધારણમાં ‘બજેટ’ શબ્દનો ઉલ્લેખ નથી.

3. રાજ્યસભાને અનુદાનની માંગ પર મતાધિકાર નથી.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1 અને 3 (C) માત્ર 3 (D) 1, 2 અને 3

058. નીચેના પૈકી કઈ સમિતિ એ કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલના અહેવાલને ચકાસે છે ?

1. જાહેર હિસાબ સમિતિ 2. જાહેર સાહસો બાબતની સમિતિ 3. અંદાજ સમિતિ

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

059. સરકારી વ્યવહારોના સંચાલન માટે સરકારને કરવેરા અને અન્ય આવક દ્વારા પ્રાપ્ત થતું મહેસૂલ એ .......... ખાતે જમા થાય છે.

(A) ભારતનું આકસ્મિક ભંડોળ (B) જાહેર હિસાબ (Public Account)

(C) રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

060. લોકસભા શૂન્યકાળની મહત્તમ અવધિ .......... હોઈ શકે.

(A) 30 મિનિટ (B) અનિર્દિષ્ટ (unspecified)

(C) એક કલાક (D) બે કલાક

061. આફ્રિકા અને યુરોપના દેશો સાથેની સંયુક્ત કવાયતમાં ભાગ લેવા નીચેના પૈકી કયું નૌકા જહાજ ઉપયોગમાં લેવામાં આવ્યું ?

(A) INS Sindhu (B) INS Ashwaghosh

(C) INS Tabar (D) INS Dega

062. નીચેના પૈકી કયા ભારતીય તીરંદાજે મહિલા વ્યક્તિગત, મહિલા ટીમ અને મિક્ષ ટીમ કેટેગરીમાં સુવર્ણ જીતીને રેકોર્ડ બનાવ્યો છે ?

(A) દીપિકા કુમારી (B) અંકિતા ભક્ત (C) કોમલિકા બારી (D) ધનલક્ષ્મી

063. .......... એ તમામ ક્રિકેટ ફોર્મેટમાં પ્રથમવાર દેખાવ કરનાર સૌથી નાની ભારતીય ખેલાડી બની છે.

(A) શફાલી વર્મા (Shafali Verma) (B) સ્મૃતિ મંદના (Smriti Mandana)

(C) હર્ષિથા કુમારી (Harshitha Kumari) (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

064. રાષ્ટ્રીય આંકડા શાસ્ત્ર દિવસ 29મી જૂનના રોજ ઉજવવામાં આવ્યો. આ દિવસ એ .......... ની જન્મતિથિની યાદગીરીમાં ઉજવવામાં આવે છે.

(A) શ્રીનિવાસ રામાનુજમ (B) પી.સી. મહાલનોબીસ

(C) આર્ય ભટ્ટ (D) એ.એન. રોય

065. National Thermal Power Corporation Limited (NTPCL) એ વર્ષ .......... સુધીમાં 60 Gigawatt નો પુનઃપ્રાપ્ય ઊર્જા સ્થાપિત કરવાનો લક્ષ્યાંક નક્કી કરેલ છે.

(A) 2025 (B) 2027 (C) 2029 (D) 2032

066. નીચેના પૈકી .......... દેશોને પાકિસ્તાન સાથે Financial Action Task Force ની ગ્રે યાદીમાં મૂકવામાં આવેલ છે.

1. હૈતી 2. ફિલીપાઈન્સ 3. દક્ષિણ સુદાન 4. માલ્ટા

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 1, 3 અને 4 (C) માત્ર 2, 3 અને 4 (D) માત્ર 1, 2 અને 3

**067. તાજેતરમાંજ પરીક્ષણ કરવામાં આવેલ Agni-P મિસાઈલ વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?**

**1. તે પરમાણું સક્ષમ અને સપાટીથી સપાટીની મિસાઈલ છે.**

**2. આ મિસાઈલની ક્ષમતા 1000 કિમી થી 2000 કિમી ની છે.**

**3. આ મિસાઈલ એ રશિયન મિસાઈલ એજન્સી સાથે DRDO દ્વારા વિકસાવવામાં આવી છે.**

**નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

**(A) 1, 2 અને 3** **(B) માત્ર 2 અને 3** **(C) માત્ર 1 અને 2** **(D) માત્ર 1 અને 3**

**068. નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?**

**1. નાણાંકીય વર્ષ 2020-21 માં ચીને ભારતના નિકાસ માટે સંયુક્ત આરબ અમિરાતને બીજા ક્રમે ધકેલ્યું.**

**2. યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકાએ ટોચના નિકાસકાર તરીકે ચાલુ રહ્યું.**

**3. નાણાંકીય વર્ષ 2020-21માં ભારતના નિકાસમાં ચીનનો ફાળો વધીને 7.29% થયો.**

**નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

**(A) માત્ર 1 અને 2** **(B) માત્ર 2 અને 3** **(C) માત્ર 1 અને 3** **(D) 1, 2 અને 3**

**069. સંયુક્ત રાષ્ટ્રના Drugs and Crimes કાર્યાલય દ્વારા જારી કરવામાં આવેલ World Drug Report અનુસાર વર્ષ 2020માં વિશ્વ સ્તરે .......... લોકો ડ્રગ્સ લેતા હતા.**

**(A) 125 મિલિયન** **(B) 175 મિલિયન**

**(C) 225 મિલિયન** **(D) 275 મિલિયન**

**070. Subsonic Cruise Missile નિર્ભય (Nirbhay) બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?**

**1. DRDO ના એરોનોટીકલ વિભાગ દ્વારા આ મિસાઈલની ડીઝાઈન તથા તેને તૈયાર કરવામાં આવેલ છે.**

**2. આ મિસાઈલની રેંજ 1000 કિમીની છે અને તે 0.6 થી 0.7 mach ની ઝડપ સુધી પહોંચવા શક્તિમાન છે.**

**3. તે સપાટી, હવા અને સમુદ્ર, ત્રણેય પ્લેટફોર્મ પરથી પ્રક્ષેપિત કરી શકાય છે.**

**નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

**(A) 1, 2 અને 3** **(B) માત્ર 2 અને 3** **(C) માત્ર 1 અને 2** **(D) માત્ર 1 અને 3**

**071. Centre for Science and Environment ના State of India's Environment 2021 અનુસાર, .......... શહેર એ ભારતમાં રહેવા લાયક સૌથી શ્રેષ્ઠ શહેર છે.**

**(A) હૈદરાબાદ** **(B) બેંગ્લોર** **(C) ચેન્નાઈ** **(D) ચંદીગઢ**

**072. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 30મી જૂનના રોજ સમગ્ર વિશ્વમાં આંતર રાષ્ટ્રીય સંસદવાદ (Parliamentarism) દિવસ મનાવવામાં આવે છે. તેના અંતર્ગત આંતર સંસદીય સંઘે .......... અભિયાન શરૂ કર્યું છે.**

**(A) હું સંસદમાં યુવાનો (હોવા જોઈએ) સાથે સહમત છું (I say yes to youth in Parliament)**

**(B) યુવા સંસદ એ શ્રેષ્ઠ સંસદ છે.**

**(C) બહેતર વિશ્વ માટે સંસદમાં યુવાનો**

**(D) યુવાનો - સમાજ - વિકાસ**

073. International Telecommunication Union (આંતરરાષ્ટ્રીય દૂરસંચાર સંઘ) ના તાજેતરના અહેવાલ અનુસાર Global Cyber Security Index 2020 (વૈશ્વિક સાયબર સલામતી સૂચકાંક 2020) માં ભારત .......... માં ક્રમે આવેલ છે.

(A) 5 મા (B) 7 મા (C) 10 મા (D) 21 મા

074. ઈન્દ્રજાળ - ભારતનું પ્રથમ સ્વદેશી નિર્મિત Autonomous (સ્વાયત્ત) Drone Defence Dome એ .......... દ્વારા વિકસાવવામાં આવેલ છે.

(A) TAT Robotics, બેંગ્લોર
(B) AAT Robotics, અમદાવાદ
(C) Grene Robotics, હૈદરાબાદ
(D) DIVE Robotics, દિલ્હી

075. તાજેતરમાં ભારતના રમતગમત મંત્રાલયે WAKO ઈન્ડીયા ફેડરેશનને માન્યતા આપેલ છે. આ ફેડરેશન એ .......... સાથે સંબંધિત છે.

(A) Walking (B) Kick Boxing (C) Fencing (D) Skating

076. સોફ્ટવેર કે જે Peripheral Device અને Operating System વચ્ચેની આંતરક્રિયાઓને માન્ય રાખે છે તે .......... છે.

(A) Device Driver
(B) OS Driver
(C) Hardware Driver
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

077. .......... એ ડીજીટલ ઉપકરણમાં અને તેમાંથી વધુ ઝડપે ડેટાને સ્થાનાંતરિત કરવાની કેબલીંગ ટેકનોલોજી છે.

(A) Fibre optics (B) Fire wire (C) USB (D) DVD

078. નીચેના પૈકી કયા સ્થળે ભારતીય અંતરીક્ષ કાર્યક્રમ (Indian Space Programme) ની શરૂઆત થઈ હતી ?

(A) Thumba Equatorial Rocket Launching Station (TERLS), તિરૂવનંથપુરમ
(B) ISRO Satellite Centre, (ISAC), બેંગ્લોર
(C) Satish Dhawan Space Centre (SDSC-SHAR), શ્રી હરિકોટા
(D) Space Application Centre (SAC), અમદાવાદ

079. પવનની ગતિ માપવા માટેના સાધન કયા નામે ઓળખાય છે ?

(A) Anemometer
(B) Windmeter
(C) Cyclone meter
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

080. ભારતનું દ્વિતીય ચંદ્ર મિશન - ચંદ્રયાન-2 નું .......... દ્વારા સફળતાપૂર્વક પ્રક્ષેપણ કરવામાં આવ્યું.

(A) PSLV - PSII - P2
(B) ASLV - ASIII - A1
(C) GSLV - MKIII - M1
(D) GSLV - FT

081. Massive Open Online Courses (MOOCs) ચલાવવા માટે સ્વદેશી IT પ્લેટફોર્મ - SWAYAMનું પૂરૂં નામ શું છે ?

(A) School Website of Active Lessons for Youth Aspiring Minds
(B) Study Webs of Active Learning for Young Aspiring Minds
(C) Student Website of Active interaction for Young Aspiring Minds
(D) Student Website of Advance Learning for Youth Active Management

082. વેબસાઈટ પર પોસ્ટ કરેલ શ્રાવ્ય (Audio) કે દૃશ્ય (Video) રેકોર્ડીંગને ડાઉનલોડ કરવા કે બાદમાં ચલાવવા (Played later) માટે નીચેના પૈકી કયો શબ્દ વપરાય છે ?

(A) VoIP (B) Blog (C) RSS Feed (D) Podcast

083. Photo Stat મશીનના ડ્રમ એ નીચેના પૈકી કયા તત્વનું બનેલું હોય છે ?
(A) Aluminium (B) Selenium (C) Barium (D) Caesium

084. નબળી હવા વહન સુવિધા ધરાવતી ઈમારતમાં નીચેના પૈકી કયો નિષ્ક્રિય વાયુ જમા થઈ શકે છે ?
(A) હિલીયમ (B) નીથોન (C) આર્ગન (D) રેડોન

085. ઘન કોલસાને પ્રવાહી હાઈડ્રોકાર્બન બળતણમાં રૂપાંતરીત કરતી પ્રક્રિયા .......... તરીકે ઓળખાય છે.
(A) Liquefaction (B) Carbonation
(C) Catalytic Conversion (D) Cracking

086. એક શાળામાં કુલ 560 વિદ્યાર્થીઓ છે. જો છોકરીઓની સંખ્યા છોકરાઓની સંખ્યાના જેટલી હોય તો છોકરીઓની સંખ્યા કેટલી હશે ?
(A) 54 (B) 63 (C) 70 (D) 91

087. 15 કર્મચારીઓનો સરેરાશ પગાર રૂા. 4500 પ્રતિ માસ છે. જો તે પૈકી 3 કર્મચારીઓ નોકરી છોડી દે તો બાકીના કર્મચારીઓનો સરેરાશ પગાર રૂા. 175 જેટલો ઓછો થાય છે. તો નોકરી છોડી ગયેલા 3 કર્મચારીઓનો માસિક કુલ પગાર કેટલો હશે ?
(A) રૂા. 12800 (B) રૂા. 15600
(C) રૂા. 17200 (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

088. 90 કિમી/કલાકની ઝડપે જતી ટ્રેનને 450 મીટરના બોગદાને સંપૂર્ણપણે પસાર કરતાં 30 સેકન્ડ લાગે છે. તો ટ્રેનની લંબાઈ કેટલી હશે ?
(A) 300 મીટર (B) 150 મીટર
(C) 512 મીટર (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

089. P એક કામ 18 કલાકમાં જ્યારે Q તે કામ 24 કલાકમાં પુરૂં કરી શકે છે. જો બંનેને સાથે તે કામ સોંપવામાં આવે તો તે કામ કેટલા કલાકમાં પુરૂં થશે ?
(A) 21 કલાક (B) 72/7 કલાક
(C) 78/7 કલાક (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

090. એક રકમને 2 વર્ષ માટે 8% ના ચક્રવૃદ્ધિ વ્યાજે મૂકવાથી વ્યાજ તરીકે રૂા. 13312 પ્રાપ્ત થાય છે. તો તે રકમ કેટલી હશે ?
(A) રૂા. 80000 (B) રૂા. 84000
(C) રૂા. 56000 (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

091. 0.0961 નું વર્ગમૂળ કેટલું થશે ?
(A) 0.31 (B) 0.031 (C) 0.0031 (D) 1/31

092. P અને Q એક બિઝનેસમાં 3 : 2 ના પ્રમાણમાં રોકાણ કરે છે. જો નફાના 5% દાન પેટે જતા હોય અને P નો હિસ્સો રૂા. 855 હોય તો કુલ નફો કેટલો હશે ?
(A) રૂા. 1500 (B) રૂા. 1650
(C) રૂા. 1750 (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

093. ગણ P = {0, 1, 3} ના ઉપગણોની સંખ્યા કેટલી હશે ?
(A) 3 (B) 6 (C) 8 (D) 9

094. 5 અને 6 વાગ્યાની વચ્ચે કયા સમયે ઘડિયાળના બે કાંટા એકબીજાથી 3 મિનિટ દૂર હશે ?

(A) 5.21 કલાકે
(B) 5.24 કલાકે
(C) 5.30 કલાકે
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

095. X મૂળ સ્થાનથી પશ્ચિમ દિશા તરફ 250 મીટર ચાલે છે, ત્યારબાદ તે પોતાની જમણી તરફ ફરી 100 મીટર ચાલે છે, તો તેનું મૂળ સ્થાનથી લઘુત્તમ અંતર કેટલું હશે ?

(A) $30\sqrt{29}$ મીટર
(B) $50\sqrt{29}$ મીટર
(C) $29\sqrt{50}$ મીટર
(D) 350 મીટર

096. જો 8 ફેબ્રુઆરી, 2005 ના દિવસે મંગળવાર હોય તો 8 ફેબ્રુઆરી, 2004 ના દિવસે કયો વાર હશે ?

(A) રવિવાર
(B) સોમવાર
(C) મંગળવાર
(D) બુધવાર

097. સમીકરણ : $X^2 + X + 56 = 0$ ના બે ઉકેલ કયા છે ?

(A) 8, 7
(B) – 8, 7
(C) 8, –7
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

098. એક 6 સેમી × 12 સેમી × 15 સેમી ના લંબઘનમાંથી સરખા નાના સમઘન બનાવવામાં આવે છે. તો આવા ઓછામાં ઓછા કેટલા સમઘન બનશે ?

(A) 20
(B) 40
(C) 60
(D) 80

099. ખૂટતો શબ્દ શોધો.

ELFA, GLHA, ILJA, .........., MLNA

(A) OLPA
(B) OLMB
(C) KLLA
(D) KLMA

100. P ના પિતા Q ના સસરા છે. R એ P નો ભાઈ છે અને S નો પુત્ર છે. તો R નો Q સાથે શો સંબંધ છે ?

(A) સાળો
(B) ભાઈ
(C) પુત્ર
(D) વિગતો અપૂરતી છે.

101. કોઈ સરકારી કર્મચારી દ્વારા બઢતી સ્વીકારવાનો ઈન્કાર કરવા અરજી કરનાર કર્મચારી કોની સાપેક્ષમાં પોતાની પ્રવરતા ગુમાવે છે ?

(A) તેની બેચમેટની સરખામણીમાં
(B) તેના જુનિયરની સરખામણીમાં
(C) તેના સિનિયર કર્મચારીઓની સરખામણીમાં
(D) તેના પછીની ડીપીસીમાં પસંદ થતા કર્મચારીઓની સરખામણીમાં

102. રાજ્ય સરકાર, જાહેર સેવાના હિતમાં નિયમો હળવા કરીને –

1. સંરક્ષણ સેવાના કોઈ અધિકારીની નિમણૂંક કરીને જગ્યા ભરી શકે છે.
2. આ નિમણૂંક માટે ગુજરાત જાહેર સેવા આયોગ સાથે વિચારવિનિમય કરવાની જરૂર નથી.

આ વિધાનો પૈકી કયું વિધાન/નો સાચું/સાચાં છે ?

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) 1 અને 2
(D) બંને ખોટાં છે.

103. કેટલા વર્ષની ઉંમર પૂર્ણ કરી ચૂકેલ હોય તેવા સરકારી કર્મચારીને કોમ્પ્યુટરના જ્ઞાનની લાયકી પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવાની જોગવાઈ છે ?

(A) 50 (B) 55 (C) 45 (D) 52

104. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી પસંદગીથી ભરવાની વર્ગ-1ની જગા માટે અનુભવને એક લાયકાત તરીકે ઠરાવેલ નથી, તે કિસ્સામાં જાહેરાત કરવામાં આવેલી જગાની ફિડર કેડરમાં ફરજ બજાવતા અધિકારીને ઉપલી વયમર્યાદામાં કેટલી છૂટછાટ મળવાપાત્ર થાય છે ?

(A) પાંચ વર્ષની

(B) દસ વર્ષની

(C) પાંચ વર્ષ અથવા તેણે જેટલાં વર્ષ નોકરી કરી હોય તેટલા વર્ષ એ બેમાંથી જે ઓછા હોય તેટલા વર્ષની

(D) ત્રણ વર્ષની

105. નીચેનામાંથી કયા ઉમેદવાર માટે નાગરિકત્વ સંબંધી લાયકાતનું પ્રમાણપત્ર મેળવવાનું આવશ્યક હોય તેને ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાતી પરીક્ષામાં દાખલ કરી શકાશે પણ રાજ્ય સરકાર તેને જરૂરી લાયકાતનું પ્રમાણપત્ર આપ્યું હોય તે પછી જ નિમણૂંકની દરખાસ્ત કરી શકાશે ?

(A) બાંગ્લાદેશનો પ્રજાજન

(B) અફઘાનિસ્તાનનો પ્રજાજન

(C) માલદીવનો પ્રજાજન

(D) મૂળ ભારતની વ્યક્તિ હોય અને ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાનમાંથી સ્થળાંતર કરીને આવી હોય.

106. ગુજરાત મુલકી સેવા (પગાર આધારિત ભથ્થાં) નિયમો, 2002 મુજબ વળતર ભથ્થું નીચેનામાંથી કોને આપી શકાય ?

(A) મોડે સુધી રોકાઈને કામ કરતા કર્મચારીને

(B) વિશિષ્ટ સંજોગોમાં ફરજ બજાવવાના કારણે થતા આવશ્યક ખર્ચ કરતા કર્મચારીને

(C) વર્ગ-4ના કર્મચારીને

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

107. વળતર ભથ્થાંમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

1. સ્થાનિક વળતર ભથ્થું

2. ઘરભાડા ભથ્થું

3. પ્રોજેક્ટ ભથ્થું

4. ડાંગ ભથ્થું

5. નોન-પ્રેક્ટીસીંગ ભથ્થું

(A) 1, 3 અને 4 (B) 1, 2 અને 5 (C) 1, 2, 3 અને 4 (D) 1, 2, 3, 4 અને 5

108. ભારત બહાર પ્રતિનિયુક્તિ પર મોકલવામાં આવેલ સરકારી કર્મચારીનો પ્રતિનિયુક્તિનો સમય કેટલાથી વધુ ન હોય તો, તેને પ્રતિનિયુક્તિના સમગ્ર સમય માટે સ્થાનિક વળતર ભથ્થા/ઘરભાડા ભથ્થા મળવા પાત્ર રહેશે ?

(A) છ માસ (B) નવ માસ (C) એક વર્ષ (D) બે વર્ષ

109. સરકારી કર્મચારીને રહેણાંકનું મકાન ફાળવવામાં આવેલ હોય અને તેમાં પતિ-પત્નિ સિવાયના બે કે તેથી વધુ અન્ય કર્મચારીઓ હિસ્સેદારીથી રહેતા હોય તો, તેવા કર્મચારીઓને કઈ રીતે ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થશે ?

(A) બધા જ સરકારી કર્મચારીઓને ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થશે.

(B) પસંદગી મુજબ એકનો ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થશે.

(C) કોઈને ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થશે નહીં.

(D) નિયમોમાં આવી જોગવાઈ નથી.

110. નોન પ્રેક્ટીસીંગ એલાઉન્સ મેળવનાર તબીબને નીચેના પૈકી કયાં કાર્યની મનાઈ ફરમાવવામાં આવેલ હોય છે ?

(A) ખાનગી સામાન્ય વ્યવસાય

(B) ખાનગી તજજ્ઞ પરામર્શ

(C) ખાનગી પ્રયોગશાળા જેવું કામ

(D) ઉપરોક્ત તમામ

111. ગુજરાત મુલકી સેવા (પગાર આધારિત ભથ્થા) નિયમો, 2002ના સંબંધમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. સરકારી કર્મચારીને ભારત બહારની તાલીમના સમય માટે સ્થાનિક વળતર ભથ્થું / ઘરભાડા ભથ્થું મળવાપાત્ર નથી.

2. તાલીમ માટે મોકલવામાં આવેલ સરકારી કર્મચારીને પ્રવાસનું મુસાફરી ભથ્થું અને તાલીમના સ્થળનું દૈનિક ભથ્થું આપવામાં આવે ત્યારે જે સ્થળેથી તાલીમ માટે મોકલવામાં આવેલ હોય તે સ્થળે મળવાપાત્ર દરે જ સ્થાનિક વળતર ભથ્થું / મોંઘવારી ભથ્થું મળવાપાત્ર થશે.

(A) બંને વિધાનો સાચાં છે.

(B) બંને વિધાનો ખોટાં છે.

(C) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.

(D) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

112. મોંઘવારી ભથ્થાની મંજૂરીના નિયમન અંગેની શરતોના સંદર્ભમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. ભારતમાં અથવા ભારત બહાર અસાધારણ રજા સિવાયની બીજી રજાઓના સમયગાળા માટે આ ભથ્થું આકારી શકાશે.

2. ભારતમાં કે ભારત બહાર વિદેશમાં અભ્યાસ રજા પર ગયેલા અધિકારીઓને આ ભથ્થું મળવાપાત્ર થશે.

(A) બંને વિધાનો સાચાં છે.

(B) બંને વિધાનો ખોટાં છે.

(C) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.

(D) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

113. 1. પ્રોજેક્ટ ભથ્થાંનો સમાવેશ વળતર ભથ્થાંના પ્રકારોમાં થતો નથી.

2. ડાંગ ભથ્થાંનો સમાવેશ વળતર ભથ્થાંના પ્રકારોમાં થાય છે.

(A) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.

(B) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

(C) બંને વિધાનો સાચાં છે.

(D) બંને વિધાનો ખોટાં છે.

114. નિવૃત્તિવય પેન્શન અને નિવૃત્તિ પેન્શન વચ્ચે શું ભેદ હોય છે ?

(A) નિવૃત્તિવય પેન્શન સરકારી / અર્ધસરકારી કર્મચારીને, જ્યારે નિવૃત્તિ પેન્શન બોર્ડ / નિગમના કર્મચારીઓને મળવાપાત્ર છે.

(B) નિવૃત્તિવય પેન્શન વર્ગ-1 થી વર્ગ-3 ના કર્મચારીને, જ્યારે નિવૃત્તી પેન્શન વર્ગ-4ના કર્મચારીને મળે.

(C) નિવૃત્તિવયે આપવામાં આવતું પેન્શન એ નિવૃત્તિવય પેન્શન છે. જ્યારે કર્મચારી સ્વૈચ્છિક નિવૃત્ત થાય અથવા જાહેર હિતમાં તેને નિવૃત્ત કરવામાં આવે ત્યારે અપાતું પેન્શન નિવૃત્તિ પેન્શન કહેવાય.

(D) પંચાયતી સેવાના કર્મચારીઓને નિવૃત્તિ પેન્શન મળે તે સિવાયના કર્મચારીઓને નિવૃત્તિવય પેન્શન મળવાપાત્ર થાય છે.

115. પેન્શન માટે કેટલી ઓછામાં ઓછી પેન્શન પાત્ર સેવા હોવી જોઈએ ?

(A) 10 વર્ષ (B) 12 વર્ષ (C) 15 વર્ષ (D) 5 વર્ષ

116. જ્યારે સરકારી કર્મચારીને રહેમિયત પેન્શન મંજૂર કરવામાં આવે તે કિસ્સામાં, અશક્તિ પેન્શન પર જતાં જે પેન્શન મળવાપાત્ર થાય તેના કેટલા કરતા વધે નહીં તે રીતે રહેમિયત પેન્શન આપી શકાય છે ?

(A) 1/3 (B) 1/4 (C) 2/5 (D) 2/3

117. ગ્રેજ્યુઈટીના હેતુ માટે પગારમાં શેનો સમાવેશ થશે ?

(A) મૂળ પગાર

(B) પગાર બેન્ડમાં છેલ્લો પગાર

(C) પગાર બેન્ડમાં મળતો છેલ્લો પગાર + નિવૃત્તિની તારીખે મળવાપાત્ર મોંઘારી ભથ્થું

(D) પાકો પગાર

118. અપરિપક્વ નિવૃત્તિના કિસ્સામાં હુકમની તારીખથી કેટલા સમયમાં પેન્શન કેસ તૈયાર કરી પેન્શન અને પ્રોવીડન્ટ ફન્ડ નિયામકને મોકલવાનો હોય છે ?

(A) બે (B) ત્રણ (C) ચાર (D) છ

119. ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો, 2002 મુજબ સરકારી કર્મચારીએ કરેલ પેન્શન પાત્ર સેવામાં સામાન્યરીતે કેટલા સમયથી વધુ ન હોય તેવી ઘટ માફ કરી તેને નિવૃત્તી પેન્શન અથવા ગ્રેજ્યુઈટીથી ભિન્ન એવું નિવૃત્તી પેન્શન મેળવવા ઠરાવી શકશે ?

(A) 3 માસ (B) 6 માસ (C) 1 વર્ષ (D) 2 વર્ષ

120. કર્મચારીને નિવૃત્તી બાદ પેન્શનના રોકડ રૂપાંતરની મંજૂરી મળ્યા બાદ તેમજ અધિકૃત થયા બાદ કર્મચારી મૃત્યુ પામે ત્યારે નીચેના વિધાનો પૈકી કયો વિકલ્પ સૌથી યોગ્ય છે ?

1. કર્મચારીને મંજૂર કરવામાં આવેલ પેન્શનનાં રોકડ રૂપાંતરની રકમ રદ કરવામાં આવશે.

2. કર્મચારીનાં વારસદારોને કર્મચારીના પેન્શનના રોકડ રૂપાંતરની રકમ ચૂકવવામાં આવશે.

3. કર્મચારીના વારસદારોને ચૂકવવામાં આવતી કુટુંબ પેન્શનની રકમમાંથી પેન્શન રોકડ રૂપાંતરની માસિક કપાત કરવામાં નહીં આવે.

4. કર્મચારીના વારસદારોને ચૂકવવામાં આવતી કુટુંબ પેન્શનની રકમમાંથી પેન્શન રોકડ રૂપાંતરની રકમની કપાત સંપૂર્ણ કપાત ન થાય ત્યાં સુધી ચાલુ રાખવામાં આવશે.

(A) વિધાન 1 અને 4 ખોટાં (B) વિધાન 2 અને 3 સાચાં

(C) (A) અને (B) બંને સાચાં (D) વિધાન 1 અને 3 સાચાં

121. કર્મચારી સામે નિવૃત્તિ સમયે ખાતાકીય તપાસ કે ન્યાયિક કાર્યવાહી ચાલુ હોય ત્યારે નીચેનાં વિધાનો સંદર્ભે આપવામાં આવેલ કયો વિકલ્પ સૌથી યોગ્ય છે ?

1. કર્મચારી પોતે નિવૃત્તિ સમયે પેન્શનના રૂપાંતર સારૂ અરજી કરી શકે છે.

2. કર્મચારી પોતે નિવૃત્તિ તારીખથી 1 વર્ષ સુધી તબીબી તપાસ વિનાં પેન્શનના રૂપાંતર સારુ અરજી કરે છે.

3. કર્મચારી પેન્શનનાં રૂપાંતર સારુ અરજી કરી શકે નહીં.

4. કર્મચારી ખાતાકીય તપાસ કે ન્યાયિક કાર્યવાહી પૂર્ણ થયેથી પેન્શનનાં રૂપાંતર સારુ ઉપરોક્ત કાર્યવાહી પૂર્ણ થયાના 1 વર્ષ સુધી તબીબી તપાસ વિના અરજી કરી શકે છે.

(A) વિધાન 3 સાચું છે.
(B) વિધાન 1, 2 અને 4 સાચાં છે.
(C) વિધાન 2 અને 4 ખોટાં છે.
(D) વિધાન 2 અને 4 સાચાં છે.

122. રહેમિયત પેન્શનના સંબંધમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો :

1. સરકારી કર્મચારીને તેની નાદારીના કારણે નોકરીમાંથી પદચ્યુત કરવામાં આવે અને સરકારને યોગ્ય જણાય તો તેને રહેમિયત પેન્શન મંજૂર કરી શકાય છે.

2. બરતરફ કરવામાં આવતા સરકારી કર્મચારી રહેમિયત પેન્શનને હકદાર નથી.

(A) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(B) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.
(C) બંને વિધાનો ખોટાં છે.
(D) બંને વિધાનો સાચાં છે.

123. નિવૃત્ત થતા સરકારી કર્મચારી પાસેથી લેણાની મૂલવણી સંદર્ભે નીચેના પૈકી કઈ રકમનો સમાવેશ સરકારી લેણામાં થતો નથી ?

(A) વાહન પેશગી
(B) ક્રેડીટ સોસાયટી લોન
(C) આવકવેરાની મૂળ સ્થાનેથી બાકી કરકપાતની રકમ
(D) સરકારી રહેણાંકની સવલત અંગે ચડેલા ભાડા સહીતનાં લેણાં જો હોય તો

124. કુટુંબ પેન્શન યોજના, 1972 હેઠળ પેન્શન મેળવનાર વ્યક્તિના અવસાનના કિસ્સામાં

(A) અવસાનની અગાઉનાં દિવસ સુધીનું પેન્શન મળવાપાત્ર થાય
(B) અવસાનના દિવસ સુધીનું પેન્શન મળવાપાત્ર થાય
(C) અવસાનના આગલા માસ સુધીનું પેન્શન મળવાપાત્ર થાય
(D) જે માસમાં અવસાન થાય તે માસનું આખું પેન્શન મળવાપાત્ર થાય

125. જો કોઈ સરકારી કર્મચારીને ભારત બહાર પ્રતિનિયુક્તિ પર મોકલવામાં આવે અને એવા કિસ્સામાં જે જગા પર તેનો ધારણાધિકાર હોય તે જગા પર કેટલા વર્ષથી ઓછી નહીં એટલી મુદત માટે તે ગેરહાજર રહેશે એમ માનવાને કારણ હોય, તો જે કાયમી જગા પર તેની કાયમી નિમણૂંક થયેલી હોય તેના પરનો તેનો ધારણાધિકાર સક્ષમ અધિકાર તેની મુનસફી પર મોકૂફ રાખી શકશે ?

(A) એક
(B) બે
(C) ત્રણ
(D) ચાર

126. ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, 2002 ના વિવિધ નિયમોમાં છૂટછાટ સંદર્ભે કયા વિભાગની પૂર્વસંમતિ આવશ્યક છે ?

(A) નાણા વિભાગ | (B) સામાન્ય વહીવટ વિભાગ

(C) કાયદા વિભાગ | (D) મહેસૂલ વિભાગ

127. હંગામી કર્મચારીને નોકરીમાંથી છૂટા થવું છે તો શું કરવું જોઈએ ?

(A) સક્ષમ સત્તાધિકારીને નોટીસ આપવાની રહે

(B) નોકરી એક વર્ષ કે તેથી ઓછા સમયની હોય તો સાત દિવસની અને એક વર્ષ કરતાં વધુ સમયની હોય તો 1 માસની નોટીસ આપવાની રહે.

(C) વિના નોટીસે નોકરી સમાપ્તિ કરી શકે

(D) કર્મચારી વિરૂદ્ધ કાંઈ ન હોય તથા સરકારનું કોઈ લેણું ન હોય તો કોઈપણ સમયે નોકરી સમાપ્તિ કરી શકે.

128. અજમાયશી સમયની મુદત કેટલી હોય છે ?

(A) વર્ગ-1 માટે 2 વર્ષ

(B) વર્ગ-2 માટે 1 વર્ષ

(C) વર્ગ-1 અને વર્ગ-2 માટે 2 વર્ષ, વર્ગ-3 માટે 1 વર્ષ

(D) વર્ગ-1 થી વર્ગ-3 માટે 1 વર્ષ

129. ખાસ પગાર નીચેના કયા સંજોગોને અનુલક્ષીને કોઈ જગ્યાનાં કે કોઈ સરકારી કર્મચારીનાં મળતરોમાં પગારના સ્વરૂપે આપવામાં આવતો વધારો છે ?

(A) ફરજના સવિશેષ પરિશ્રમ | (B) કામમાં થતો ખાસ વધારો

(C) જવાબદારીમાં થતો ખાસ વધારો | (D) ઉપરોક્ત તમામ

130. ગુજરાત મુલ્કી સેવા નિયમો, 2002 નો અમલ ક્યારથી થયો છે ?

(A) 15-9-2002 (B) 15-11-2002 (C) 15-10-2002 (D) 1-4-2002

131. દરેક ખાતાના વડા અધિકારીનાં સેવા રેકર્ડની જાળવણી કોના દ્વારા કરવામાં આવે છે ?

(A) ખાતાના વડાની કચેરી દ્વારા

(B) વિભાગના વડા દ્વારા

(C) પગાર અને હિસાબી અધિકારી અમદાવાદ અથવા ગાંધીનગર દ્વારા

(D) કચેરીનાં વડા દ્વારા

132. ધારણાધિકાર નીચેનામાંથી ક્યારે જળવાઈ રહે છે ?

1. તે જગાની ફરજો બજાવતા હોય ત્યારે

2. ભારત બહાર પ્રતિનિયુક્તિ પર મોકલવામાં આવે ત્યારે

3. ફરજ મોકુફી હેઠળ હોય તે દરમ્યાન

4. રજા પર હોય ત્યારે

(A) 1, 3 અને 4 (B) 1 અને 3 (C) 1 અને 4 (D) 1, 2 અને 4

133. સેવાપોથીમાં જન્મ તારીખની નોંધ કરતી વખતે જેમના જન્મના વર્ષની જાણ હોય પણ જન્મ તારીખની જાણ ન હોય તેવા સરકારી કર્મચારીના કિસ્સામાં જન્મ તારીખ કઈ ગણવામાં આવે છે ?

(A) 1લી જુન (B) 16મી જુન (C) 1લી જુલાઈ (D) 16મી જુલાઈ

134. 1. સરકારી નોકરીમાં પહેલી નિમણૂંક માટે શારીરિક યોગ્યતાનું તબીબી પ્રમાણપત્ર કાઢી આપવાના હેતુઓ માટેની તબીબી તપાસની વ્યવસ્થા નિઃશુલ્ક હોય છે.

2. અંશકાલીન સરકારી કર્મચારીઓએ પૂર્ણકાલીન સરકારી કર્મચારીઓની માફક શારીરિક યોગ્યતાનું તબીબી પ્રમાણપત્ર રજૂ કરવાનું આવશ્યક નથી.

(A) બંને વિધાનો સાચાં છે.
(B) બંને વિધાનો ખોટાં છે.
(C) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(D) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

135. રાજ્યેત્તર સેવામાં સરકારી કર્મચારીઓની પ્રતિનિયુક્તિના તમામ કિસ્સાઓમાં પ્રથમ વર્ષ અને ત્યારબાદની તેની સમયાવધિ લંબાવી આપવાના સમયગાળા માટે પ્રતિનિયુક્તિની શરતો વહીવટી વિભાગ કોની સાથે પરામર્શ કરીને નક્કી કરશે ?

(A) સામાન્ય વહીવટ વિભાગ
(B) નાણાં વિભાગ
(C) ઉપર (A) તથા (B) બંને
(D) સંબંધિત વિભાગના મંત્રી

136. ફરજમોકુફી દરમ્યાન સરકારી કર્મચારીને નિર્વાહભથ્થું નીચેનામાંથી કયું મળવા પાત્ર રહેશે ?

(A) કર્મચારી અર્ધપગારી રજા પર હોય તો જે રજા પગાર થાય તે રજા પગાર તથા તે પરનું મોંઘવારી ભથ્થું
(B) મૂળ પગારના 50 ટકા
(C) 10 દિવસનો મૂળ પગાર
(D) મૂળ પગાર + મોંઘવારી ભથ્થાના 33 ટકા રકમ

137. જોઈનીંગ ટાઈમના નિયમ મુજબ મહત્તમ કેટલો જોઈનીંગ ટાઈમ મળવાપાત્ર થાય ?

(A) 30 દિવસ
(B) 30 દિવસ જેમાં રજાના દિવસોનો સમાવેશ થાય
(C) 30 દિવસ જેમાં રજાના દિવસો તથા વચ્ચે આવતા રવિવારનો પણ સમાવેશ થાય
(D) 6 દિવસ

138. નીચેનામાંથી કયું વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. સરકારી કર્મચારીની બદલી તે જ મથક પર થયેલી હોય ત્યારે નવી કચેરીમાં હાજર થવા માટે એક દિવસનો ફરજ પર જોડવાનો સમય મળે છે.

2. સરકારી કર્મચારીની બદલી બીજા મથક ઉપર થયેલી હોય પરંતુ તે પોતાનું રહેઠાણ જુના મથક પર રાખે તો એક દિવસનો ફરજ પર જોડાવાનો સમય મળે છે.

(A) 1
(B) 2
(C) બેમાંથી એકેય નહીં
(D) 1 અને 2

139. ભારતીય જીવન વીમા નિગમની વિનંતીથી સરકારી કર્મચારીના રેકર્ડમાંથી ખાતાના વડા અધિકારી સ્વવિવેકાધિકારે નીચેનામાંથી કઈ માહિતી પૂરી પાડી શકે છે ?

1. જન્મ તારીખ

2. પિતાનું નામ

3. નિવાસ સ્થાન

4. જાતિ

5. નોકરીનું સ્થળ અને હોદ્દો / નિમણૂંકની તારીખ

6. અંગત ઓળખના ચિન્હો

(A) 1, 5 અને 6
(B) 1 થી 6 બધાં જ
(C) 1, 2, 5 અને 6
(D) 1, 2, 3, 4 અને 5

140. પોતાની વિનંતીથી થયેલી બદલીના પ્રસંગે ફરજ પર જોડાવવાના સમય સંબંધમાં નીચેનાં વિધાનો વિચારણામાં લઈને સૌથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. ફરજ પર જોડાવવાનો સમય ન મળે

2. ફરજ પર જોડાવવાનો સમય શરતોને આધિન મળે

3. ફરજ પર જોડાવવાના સમય સારું કર્મચારીએ પોતે ચઢેલ અને મળવાપાત્ર રજા મૂકવાની રહે છે.

(A) 1 સાચું છે.
(B) 2 સાચું છે.
(C) 1 અને 3 સાચાં છે.
(D) 2 અને 3 સાચાં છે.

141. તારીખ 1-5-1960ના રોજ ગુજરાત રાજ્યની રચના થઈ ત્યારે ગુજરાત રાજ્ય સરકારે કયાં કાયદા / ઓર્ડર મુજબ મુંબઈ રાજ્યમાં ઘડાયેલ મુંબઈ મુલકી સેવા નિયમો અપનાવેલ હતા ?

(A) ગુજરાત એડપ્શન ઓફ લોઝ (સ્ટેટ એન્ડ કન્કરન્ટ સબ્જેક્ટ્સ) ઓર્ડર, 1960

(B) ગુજરાત સ્ટેટ એન્ડ કન્કરન્ટ સબ્જેક્ટ બીલ, 1960

(C) ગુજરાત સ્ટેટ એક્સેપ્ટન્સ ઓફ રૂલ્સ ઓર્ડર, 1960

(D) ગુજરાત સ્ટેટ સિવિલ રૂલ્સ એક્સેપ્ટન્સ બીલ, 1960

142. કર્મચારીના ફરજમોકૂફી દરમ્યાનનાં નિર્વાહ ભથ્થામાંથી નીચેની કઈ કપાત વૈકલ્પિક કપાત નથી ?

(A) પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ પોલિસી અંગે લેણું થતું પ્રિમીયમ

(B) કો-ઓપરેટીવ સ્ટોર્સની લેણી થતી રકમો

(C) કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીની લેણી થતી રકમો

(D) ઘરભાડું

143. સરકારી કર્મચારી જ્યારે ભારત બહાર રજા પર હોય તે દરમ્યાન તેની પ્રતિનિયુક્તિ કરવામાં આવે અને જો તે રજા ભોગવી લેવા ઈચ્છે, તો તેવા કિસ્સામાં તેને પ્રતિનિયુક્તિની મુદત દરમ્યાન તેના ભારતમાંના પગારથી .......... જેટલું માનદ વેતન તેને મંજૂર કરી શકાશે.

(A) 1/4
(B) 1/2
(C) 1/6
(D) 1/5

**144.** ઈજાફા માટે નીચેનામાંથી કયો સમય ગણતરીમાં લેવાનો થાય છે ?

(A) અસાધારણ રજા સિવાયની બધી રજાનો

(B) તાલીમ અથવા પ્રશિક્ષણમાં ગાળેલ સમયગાળો

(C) ભારતમાં બીજા ખાતામાં કામચલાઉ બદલીનો સમયગાળો

(D) ઉપરોક્ત તમામ

**145.** સચિવાલયના એક સેક્શન અધિકારી બઢતી માટે પાત્ર ન હોવા છતાં વહીવટી તંત્રની ક્ષતિના કારણે ઉપસચિવ તરીકે બઢતી મેળવી છ માસ માટે ઉપસચિવ તરીકે ફરજ બજાવે છે. આ ક્ષતિ ધ્યાનમાં આવ્યા બાદ તેની પાસેથી પગાર-ભથ્થાની વધુ વધુ ચૂકવાયેલ રકમની વસૂલાત ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, 2002 મુજબ કરવાની થાય ?

(A) હા, નિયમ 28(1) મુજબ વસૂલ કરવાની થાય

(B) નિયમ 28(2) મુજબ વસૂલ કરવાની થાય

(C) નિયમ 28(2) મુજબ ચૂકવાયેલ વધુ પગાર કાલ્પનિક ગણી વસૂલ ન કરવાનો થાય

(D) નિયમ 28(1) મુજબ વસૂલ કરવાનો થાય તથા સંબંધિત જવાબદાર કર્મચારી સામે ખાતાકીય તપાસ કરવાની થાય

**146.** આરોગ્ય કમિશ્નરની કચેરીના એક જુનિયર કારકુનને સિનિયર કારકુનની જગ્યાનો વધારાનો હવાલો 2 વર્ષ સુધીના સમયગાળા માટે ખાસ પગાર મંજૂર કરવાની દરખાસ્ત છે, જે મંજૂર કરવાની સત્તા કોને રહેશે ?

(A) કમિશ્નર, આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણ

(B) અગ્ર સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

(C) અગ્ર સચિવ, સામાન્ય વહીવટ વિભાગ

(D) અધિક મુખ્ય સચિવ, નાણા વિભાગ

**147.** સરકારી કર્મચારી ધારણાધિકાર ધરાવતો હોય તે જગાના લાગુ પડતા પગાર ધોરણમાં, સરકારી કર્મચારી પાસે અન્ય રજા મળવાપાત્ર ન હોય ત્યારે તબીબી કારણસર એક જ વખતે .......... કરતાં વધુ નહી તેટલા સમયગાળાની લીધેલ અસાધારણ રજા ઈજાફા માટે ગણાય છે. તેમ છતાં સરકારી નોકરીની સમગ્ર નોકરી દરમ્યાન બધી મળીને આવી રજા વધુમાં વધુ .......... સુધીની લઈ શકાશે.

(A) છ માસ, બે વર્ષ
(B) ત્રણ માસ, એક વર્ષ
(C) છ માસ, એક વર્ષ
(D) ત્રણ માસ, બે વર્ષ

**148.** કોઈ પણ જગા પર થયેલ નિમણૂંકના કારણે જે પગાર મળે તેને શું કહેવાય ?

(A) સંભાવી પગાર
(B) કાર્યકારી પગાર
(C) કાયમી પગાર
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

**149.** પોતાની જગ્યા ઉપરાંત અન્ય પોતાની જગ્યાની સમકક્ષ બીજી જગ્યાનો વધારાનો હવાલો સંભાળવા બદલ ખાસ પગાર કે વધારાનાં પગારનો દર શું રહેશે ?

(A) સંભાવી પગારના 5%
(B) સંભાવી પગારના 10%
(C) સંભાવી પગારના 20%
(D) સંભાવી પગારના 12%

150. જગાના પગાર ધોરણમાં ફેરફાર થતા પગારની બાંધણી અંગે નીચેના વિકલ્પો વિચારણામાં લો.

(A) તેના વિદ્યમાન પગાર પછીના નવા પગારના ધોરણના તબક્કે નક્કી કરવામાં આવશે.

(B) પરંતુ ફરજો અને જવાબદારીમાં ફેરફાર થવાના પરિણામે તે જગાનું પગારધોરણમાં ફેરફાર કરવામાં આવે તો કર્મચારી જુના પગાર ધોરણમાં ચાલુ રહેવાનો વિકલ્પ આપી શકતો નથી.

(C) (A) અને (B) બંને વિકલ્પો સાચાં છે.

(D) (A) અને (B) બંનેમાંથી એકેય સાચું નથી.

151. ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો, 2002 ના નિયમો સંદર્ભમાં નિચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) રજા ફરજ દ્વારા જ પ્રાપ્ત કરી શકાય

(B) રજા હક્ક તરીકે માંગી શકાય

(C) રજાના નિયમો હેઠળ રજાના હિસાબો દિવસોના હિસાબે રાખવામાં આવે છે.

(D) સક્ષમ અધિકારી વિવેકબુદ્ધિ અનુસાર કોઈપણ પ્રકારની રજા નકારી શકે અથવા રદ કરી શકે છે.

152. અજમાયશનો સમયગાળો એક વર્ષ કરતાં વધુ હોય અને અજમાયશી અજમાયશનો સમયગાળો સંતોષકારક રીતે પૂરો કરેથી સેવામાં કે સંવર્ગમાં નિમણૂંક આપવામાં આવે ત્યારે –

(A) નિમણૂંકની જગાના પગાર ધોરણનો ન્યૂનતમ પગાર પ્રારંભિક પગાર તરીકે મળવાપાત્ર છે.

(B) અજમાયશના પૂરા સમયને ઈજાફાપાત્ર સમય ગણીને પગાર ધોરણમાં તેનો પગાર નક્કી થશે.

(C) પાછલી બાકી રકમ ચૂકવવામાં આવશે.

(D) (B) અને (C) બંને

153. રજાનો હિસાબ રાખનાર સત્તાધિકારી પાસેથી રજા પાત્રતાનો અહેવાલ મેળવવામાં અનુચિત વિલંબ થશે એમ માનવાને કારણ હોય, ત્યારે સક્ષમ સત્તાધિકારી, ઉપલબ્ધ હકીકતના આધારે કેટલા દિવસથી વધુ નહીં એટલી મુદતની કામચલાઉ રજા મંજૂર કરી શકે છે ?

(A) 30 (B) 45 (C) 60 (D) 90

154. રાજ્ય સરકાર દ્વારા કયા સ્થળોએ મેડીકલ બોર્ડની રચના કરવામાં આવી છે ?

(A) અમદાવાદ, જામનગર, વડોદરા અને સૂરત

(B) ગાંધીનગર અને અમદાવાદ

(C) ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સૂરત

(D) અમદાવાદ, જામનગર, વડોદરા અને રાજકોટ

155. નીચેનામાંથી કઈ રજા કર્મચારીના રજાના હિસાબોમાં ઉધારવામાં આવતી નથી ?

(A) પ્રસૂતિ રજા (B) પિતૃત્ત્વ રજા

(C) કસુવાવડ કે ગર્ભપાતના કિસ્સામાં રજા (D) ઉપરોક્ત તમામ

156. મહિલા સરકારી કર્મચારીને અન્ય શરતો સંતોષાતી હોય તો, ગર્ભપાત (એમટીપી)ના કિસ્સામાં, પ્રસૂતિ રજા .......... વર્ષમાં ફક્ત એકવાર મંજૂર કરી શકાશે.

(A) પાંચ (B) ત્રણ (C) બે (D) ચાર

157. બિન જમા રજા દરમ્યાન સરકારી કર્મચારીને કયો પગાર મળે ?

(A) પ્રાપ્ત રજા જેટલો
(B) રૂપાંતરિત રજા જેટલો
(C) અર્ધપગારી રજા જેટલો
(D) કોઈ પગાર ન મળે

158. સરકારી કર્મચારીને નીચેનામાંથી કયા કિસ્સામાં 300 દિવસની મર્યાદામાં જમા પ્રાપ્ત રજા / અર્ધપગારી રજાનું રોકડમાં રૂપાંતર મળવાપાત્ર થાય છે ?

(A) વયનિવૃત્તિ
(B) સ્વૈચ્છિક નિવૃત્તિ
(C) ચાલુ નોકરીમાં અવસાન
(D) ઉપરોક્ત તમામ

159. પ્રાદેશિક ભાષાના અંશકાલીન વ્યાખ્યાતાઓને નીચેના પૈકી કઈ રજા મંજૂર કરી શકાશે ?

(A) પ્રાપ્ત રજા
(B) અર્ધપગારી રજા
(C) રૂપાંતરિત રજા
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

160. નીચેનામાંથી કયા વિધાનો યોગ્ય છે ?

1. ખાસ અશક્તતાની રજા અન્ય પ્રકારની રજા સાથે જોડી શકાશે.

2. પેન્શનપાત્ર સેવાની ગણતરી માટે ખાસ અશક્તતા રજા ફરજ તરીકે ગણાશે.

3. ખાસ અશક્તતા રજાના કોઈ મુદતના પ્રથમ 120 દિવસો માટે પ્રાપ્ત રજાના પગાર જેટલો પગાર મળશે.

(A) 1, 2 અને 3
(B) 1 અને 3
(C) 1 અને 2
(D) 2 અને 3

161. ‘‘ફરજ’’ની વ્યાખ્યામાં નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થાય છે ?

(A) ફરજિયાત ખાતાકીય તપાસમાં બીજી તકમાં ઉપસ્થિત રહેવા માટેનો સમય
(B) યુનિવર્સિટીમાં બોર્ડ ઓફ સ્ટડીઝ મિટીંગમાં ગાળેલ સમય
(C) ફરજ પર હાજર થવાનો સમય
(D) ઉપરોક્ત તમામ

162. પિતૃત્વ રજાના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) બે કરતાં ઓછા બાળક ધરાવતા પુરૂષ કર્મચારીને મળવાપાત્ર છે.
(B) પત્નિની પ્રસૂતિ સમયે 15 દિવસની રજા મળવા પાત્ર છે.
(C) પ્રસૂતિથી છ માસમાં કોઈપણ સમયે ભોગવી શકાય.
(D) આ રજા નકારી શકાય છે.

163. રહેણાંકના આવાસોનું વર્ગીકરણ સારું ‘‘સી’’ કક્ષાની રહેણાંકની સવલત મુજબ ફ્લોર એરીયા .......... હોય છે.

(A) 30 થી 35 ચો.મી.
(B) 36 થી 42 ચો.મી.
(C) 43 થી 55 ચો.મી.
(D) 56 થી 64 ચો.મી.

164. સરકાર સરકારી કર્મચારી પાસેથી અધિકૃત ભોગવટાના ભાડાના દર કરતાં વધુ દરે ક્યારે ભાડું વસૂલી શકે છે ?

(A) ફરજ પર હોય ત્યારે જ્યાં રહેવું જરૂરી ન હોય અથવા તેમ કરવાની પરવાનગી આપી ન હોય ત્યાં તેને રહેણાંકનું આવાસ ફાળવેલ હોય

(B) કર્મચારીને તેની પોતાની વિનંતી જ તેના દરજ્જાને અનુરૂપ રહેણાંકના આવાસની કક્ષા કરતાં ઊંચી કક્ષાનું આવાસ આપેલ હોય

(C) તેને ફાળવવામાં આવેલ રહેણાંકનું આવાસ વગર પરવાનગીએ ભાડે આપેલ હોય

(D) ઉપરોક્ત તમામ

165. પોતાની માલિકીની સાયકલ નિભાવતા અને ફરજ બજવણી માટે તેનો ઉપયોગ કરતા નીચેનામાંના કયા સરકારી કર્મચારીઓને સાયકલ ભથ્થું મળવાપાત્ર છે ?

(A) પોલીસ કોન્સ્ટેબલ
(B) હેડ કોન્સ્ટેબલ
(C) (A) તથા (B) બંને
(D) આવી કોઈ જોગવાઈ નથી.

166. નીચેનામાંથી કયા કિસ્સામાં કર્મચારી રહેણાંકનો ભોગવટો કરે છે તેમ કહેવાશે ?

(A) જે કર્મચારીને રહેણાંકની સગવડ ઉપલબ્ધ કરવામાં આવી ન હોય ત્યારે

(B) જે કર્મચારીને રહેણાંકની સગવડ ઉપલબ્ધ કરવામાં આવી હોય તે કર્મચારી તે જગ્યા ધારણ કરે ત્યાં સુધી

(C) કર્મચારી પ્રવાસને કારણે ગેરહાજર હોય ત્યારે

(D) (B) અને (C) બંને

167. ગુજરાત મુલકી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, 2002 ના સંબંધમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. વાહન ભથ્થું મંજૂર કરતાં હુકમમાં જે તે મહિના માટે ભથ્થાના પાત્રતાના હેતુ માટે મહિના દરમ્યાન ઓછામાં ઓછા અંતરનો પ્રવાસ મુકરર કરતી શરત સામેલ કરવી જરૂરી છે.

2. એકવાર નિયમાનુસાર વાહન ભથ્થાંની રકમ નિશ્ચિત કરવામાં આવે ત્યારબાદ દરેક માસ માટે તે ભથ્થું આકારવાના હેતુ માટે સરકારી કર્મચારીએ લોગબુક રાખવાની જરૂર નથી.

(A) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.
(B) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

168. કર્મચારીની નિવૃત્તિ કે અવસાન પછી સરકારી આવાસનો કબજો રાખવા સંબંધમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) નિવૃત્તિ પછી છ માસ માટે મકાનનો કબજો રાખી શકે, જે માટે સ્ટાન્ડર્ડ રેટથી ભાડું વસૂલવામાં આવે

(B) 6 માસ પછી પણ કબજો ચાલુ રાખે તો માર્કેટ રેન્ટ મુજબ ભાડુ વસૂલવામાં આવે

(C) કર્મચારીના અવસાન પછી કુટુંબ એક વર્ષ માટે મકાન રાખી શકે અને તે માટે સ્ટાનડર્ડ રેટથી ભાડું વસૂલવામાં આવે

(D) (A) તથા (B) બંને

169. નીચે દર્શાવેલ કયા પ્રકારના પેન્શન પર નિવૃત્ત થતા કાયમી સરકારી કર્મચારીને પોતાની ફરજના છેલ્લા સ્થળેથી તેના અને તેના પરિવારના સભ્યોને વતનના પ્રવાસ માટે મુસાફરી ભથ્થું મળવાપાત્ર થાય છે ?

1. વયનિવૃત્તી પેન્શન
2. સ્વૈચ્છિક નિવૃત્તી પેન્શન
3. અશક્તતા પેન્શન
4. રહેમિયત પેન્શન

(A) 1 અને 2
(B) 1, 2, 3 અને 4
(C) 1, 2 અને 3
(D) 1, 2 અને 4

170. વાહન ભથ્થાંના દર કિલોમીટરને આધારે કેટલા જુથ/શ્રેણીમાં સરકાર દ્વારા નિયત કરાયેલ છે ?
(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) છ

171. ગુજરાત મુલકી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, 2002 હેઠળ વાહન ભથ્થાંની ચૂકવણી સંબંધમાં નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?
(A) અન્યથા સક્ષમ અધિકારીએ સૂચના આપેલ હોય તે સિવાય આખા વર્ષ દરમ્યાન મળવાપાત્ર છે.
(B) મુખ્ય મથકે ગેરહાજરીના કારણે તે જપ્ત થતું નથી.
(C) આ નિયમો હેઠળ મળતાં અન્ય મુસાફરી ભથ્થાં ઉપરાંત તે આકારી શકાશે.
(D) માસિક સરેરાશ 200 કિલોમીટર કરતા વધુ સત્તાવાર ફરજ ઉપરના પ્રવાસ વિના આ ભથ્થું મળવાપાત્ર થશે.

172. મુસાફરી ભથ્થાંના હેતુ માટે કર્મચારીઓનું વર્ગીકરણ કુલ કેટલી પગાર શ્રેણીમાં કરવામાં આવેલ છે ?
(A) પાંચ (B) ચાર (C) છ (D) સાત

173. નીચેના પૈકી કયું ભથ્થું મુસાફરી ભથ્થાનાં પ્રકારમાં સમાવિષ્ટ થાય છે ?
(A) કાયમી મુસાફરી ભથ્થું (B) વાહન ભથ્થું
(C) માઈલેજ ભથ્થું (D) ઉપરોક્ત તમામ

174. વિમાન દ્વારા મુસાફરી માટે હકદાર ન હોય તેવા સરકારી કર્મચારીએ હવાઈ માર્ગે મુસાફરી કરેલ હોય તે કિસ્સામાં –
(A) હકદાર હોય તે સંવર્ગનું રેલ્વે ભાડું આકારી શકાય
(B) હવાઈ મુસાફરીનું ખરેખર થયેલ ખર્ચ આકારી શકાય
(C) રેલ્વેના લાગું પડતાં સંવર્ગનું ભાડું અથવા હવાઈ મુસાફરીનું ભાડું બંનેમાંથી જે ઓછું હોય તે આકારી શકાશે
(D) હવાઈ મુસાફરીના ખર્ચના 60% રકમ ખર્ચ તરીકે આકારી શકાય

175. નીચેના પૈકી કયા કિસ્સામાં કાયમી મુસાફરી ભથ્થું મળવાપાત્ર નથી ?
(A) તાલીમ દરમ્યાન
(B) રજા દરમ્યાન
(C) રજા દરમ્યાન તથા રજાની આગળ કે પાછળ જોડવાની મંજૂરી આપવામાં આવી હોય તેવા જાહેર રજાના દિવસો માટે
(D) ઉપરના પૈકી બધાંજ કિસ્સામાં

176. "ઘણો જરૂરી" તરીકે દર્શાવેલ કેસ રજૂ કરવા માટે કેટલી સમય મર્યાદા નિયત કરવામાં આવી છે ?
(A) તાત્કાલિક રજૂ કરવો
(B) ચોખ્ખા બે દિવસમાં રજૂ કરવો
(C) મળ્યાના 24 કલાકની અંદર રજૂ કરવો
(D) અન્ય કામની અગત્યતાને ધ્યાને લઈને શક્ય તેટલો વહેલો રજૂ કરવો

177. પરિપત્રના સંબંધમાં નીચેનામાંના કયા વિધાન યોગ્ય છે ?
1. ઘણા અધિકારીઓ કે ખાતા પાસેથી અમુક માહિતી મંગાવવાની હોય ત્યારે વપરાય છે.
2. પરિપત્ર ત્રીજા પુરૂષમાં લખવામાં આવે છે.
3. પરિપત્રમા નીચે સહી કરનાર અધિકારીની સહી અને હોદ્દો સિવાય તેમાં કોઈ સંબોધન કે સમાપન હોતું નથી.
(A) 1, 2 અને 3 (B) 1 અને 3 (C) 1 અને 2 (D) 2 અને 3

178. સર્વિસ ટપાલ ટિકિટોના હિસાબની ખરાઈ કોણ કરે છે ?

(A) કચેરીના વડા

(B) ખાતાના વડા

(C) પોસ્ટ માસ્ટર

(D) નોંધણી વિભાગનો હવાલો ધરાવતા શાખાના વડા

179. કાર્યવાહી માટે આવેલા કાગળોની કાર્યવાહી શરૂ કરતાં પહેલાં કાગળોને અગત્યના ક્રમ પ્રમાણે કેટલા વર્ગોમાં વહેંચવાની જોગવાઈ છે ?

(A) ત્રણ (B) બે (C) ચાર (D) છ

180. સરકારી કચેરીઓમાં ફાઈલના ક્રમાંકમાં આવતા પ્રથમ અક્ષરને શું કહેવાય છે ?

(A) ત્રિવર્ણ (B) ડોકેટ શીટ (C) રજિસ્ટર્સ (D) ચતુર્વર્ણ

181. દફતર વ્યવસ્થિત રાખવા માટે કેટલા પ્રકારની બંડલ પદ્ધતિ નક્કી કરવામાં આવેલ છે ?

(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) છ

182. સરકારી કર્મચારીના નિવેદનના નિકાલમાં કેટલા સમય કરતાં વધારે સમયની ઢીલ થઈ હોય અને તે સરકારી કર્મચારી મંત્રીશ્રીને અરજી કે અપીલ કરે તો તેની એક નકલ મૂળ નિવેદન જેને સંબોધીને ફર્યું હોય તેને મોકલી શકે છે ?

(A) એક મહિના (B) બે મહિના (C) ત્રણ મહિના (D) છ મહિના

183. વિવિધ પ્રકારના દફતર જાળવી રાખવાની મુદત નક્કી કરતાં પહેલાં નિર્ણય કરવાની દિશામાં નીચેનામાંના કયા મુદ્દાની તપાસ કરવાની હોય છે ?

1. કયા કાગળો ફાઈલ કર્યા છે ?

2. કદ અને જથ્થો જોતાં કેટલા કાગળો ફાઈલ કરવાના છે ?

3. ખરેખર કયા સ્થાને ફાઈલ કરાયા છે ?

4. છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કેટલીવાર તેનો ઉપયોગ થયો છે ?

(A) 1 અને 2 (B) 1, 2 અને 4 (C) 1, 2 અને 3 (D) 1 થી 4 બધાં

184. વિધાનસભાના સભ્ય દ્વારા જાહેર જનતાના કોઈ સભ્યને આપી શકાય તેવા પ્રકારની માહિતી માંગવામાં આવી હોય ત્યારે કેવી કાર્યવાહી કરવાની રહે છે ?

(A) માહિતી તૂરંત પૂરી પાડવી

(B) માહિતી આપવાની આવશ્યક્તા નથી

(C) સંબંધિત વહીવટી વિભાગની મંજૂરી મેળવીને માહિતી પૂરી પાડવી

(D) વિધાનસભા સચિવાલયનું માર્ગદર્શન મેળવીને કાર્યવાહી કરવી

185. જે અધિકારીઓને કચેરીમાંથી ક્ષેત્રમાં (Field) કામ સોંપાય છે, તેમના પ્રવાસ અને કાર્યની સમીક્ષા કચેરીના વડાએ ક્યારે કરવાની હોય છે ?

(A) મહિનાના પહેલા સોમવારે

(B) મહિનાના બીજા ગુરૂવારે

(C) દર સપ્તાહે

(D) દર પખવાડિયે

186. તા. 1-11-2017ના રોજ ‘‘ગ’’ વર્ગમાં દફતરે કરવામાં આવેલ ફાઈલ નાશ થવા માટે ક્યારે પાત્ર થશે ?

(A) તા. 1-11-2022

(B) તા. 1-1-2022

(C) તા. 1-1-2023

(D) તા. 30-11-2022

187. કોઈ અરજદારે અરજી વિના કારણ કરી છે અથવા તેનો મજકૂર ગેરવ્યાજબી છે તેમ જણાય ત્યારે અરજી દફતરે દાખલ કરીને તેની જાણ અરજદારને કરવાની છે. વારંવાર તે અરજી અરજદાર કરે તો કેટલાંથી વધુ ઉત્તર ન આપવાની જોગવાઈ છે ?

(A) એક કરતાં વધુ
(B) બે કરતાં વધુ
(C) ત્રણ કરતાં વધુ
(D) ચાર કરતાં વધુ

188. ''યાદી''નો ઉપયોગ નીચેના કયા પ્રસંગોમાં થાય છે ?

1. લખાણનો પહોંચ સ્વીકાર
2. માહિતીના પત્રકો મંગાવવા
3. કાર્યરીતિને લગતી સૂચના
4. વચગાળાનો જવાબ અથવા સ્મૃતિપત્રો

(A) 1 અને 4
(B) 1, 2 અને 3
(C) 2 અને 4
(D) 1 થી 4 બધા

189. કોઈપણ કેસ તે શાખામાં આવ્યાની તારીખથી કેટલા સમય પડતર રહ્યા પછી અધિકારીને રજૂ કરવામાં આવે ત્યારે નોંધ કારકુને કેસ રજૂ કર્યા પછી પોતાની ટૂંકી સહી ફરતું લાલ શાહીનું કૂંડાળું કરવાનું હોય છે ?

(A) બે અઠવાડિયાથી વધુ સમય
(B) એક અઠવાડિયાથી વધુ સમય
(C) ત્રણ અઠવાડિયા કે તેથી વધુ
(D) આવી કોઈ જોગવાઈ નથી

190. નીચેનામાંથી કયા વિધાન/વિધાનો સાચું/સાચાં છે ?

1. સરકારી કર્મચારી અંગત સગા પાસેથી નાની રકમ વ્યાજવિના તદ્દન કામચલાઉ ધોરણે સ્વીકારી શકશે.
2. સરકારી કર્મચારી નાના વેપારીને ત્યાં જમા ખાતું ખોલાવી શકશે.

(A) બંને વિધાનો સાચાં છે.
(B) બંને વિધાનો ખોટાં છે.
(C) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(D) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

191. કોઈ સરકારી કર્મચારીની કેટલા સમયથી વધુ મદતથી તેના પર ટાંચ ચાલુ હોય, તો તે કર્મચારી નોકરીમાંથી દૂર થવાને પાત્ર બનશે ?

(A) એક વર્ષથી
(B) ત્રણ વર્ષથી
(C) બે વર્ષથી
(D) ચાર વર્ષથી

192. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, 1971 ના સંદર્ભમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો :

1. સરકારી કર્મચારીઓના લાભ માટેની સહકારી મંડળીના વહીવટમાં ભાગ લેવા માટે સરકારી કર્મચારીએ સરકારની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.
2. સરકારી કર્મચારી વૈજ્ઞાનિક પ્રકારનું પ્રાસંગિક કામ હાથ ધરી શકશે, પરંતુ તે અંગે સરકારને જાણ કરવાની રહેશે.

(A) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(B) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

193. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971ના નિયમ-6માં દર્શાવેલ શિક્ષા કરવાના હુકમ વિરૂદ્ધની અપીલના કેસમાં અપીલ અધિકારીએ નીચેનામાંથી કઈ બાબતો ધ્યાનમાં લેવાની થાય છે ?

1. આ નિયમોમાં નિયત થયેલ પદ્ધતિ અનુસરવામાં આવેલ છે કે કેમ
2. આવી રીતે પદ્ધતિનું પાલન ન થવાથી ન્યાય વૈફલ્યમાં પરિણમે એવી કોઈપણ અનિયમિતતા અથવા ગેરકાયદેસરતા ઉભી થવા પામી છે કે કેમ
3. તારણ વ્યાજબી છે કે કેમ
4. કરેલ શિક્ષા વધુ પડતી, પૂરતી અથવા અપૂરતી છે કે કેમ

(A) 1 અને 2 (B) 1, 2 અને 3 (C) 1 થી 4 (D) 1, 3 અને 4

194. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, 1971ની જોગવાઈ મુજબ ''ભેટ'' શબ્દમાં, સરકારી કર્મચારી સાથે સરકારી કામકાજનો વ્યવહાર ન ધરાવતા નજીકના સગા અથવા અંગત મિત્ર સિવાયની કોઈ વ્યક્તિએ આપેલ નીચેની કઈ બાબતનો સમાવેશ થાય છે ?

(A) વાહન
(B) રહેઠાણ અંગેની મફત જોગવાઈ
(C) બીજો કોઈ આર્થિક લાભ
(D) ઉપરોક્ત તમામ

195. દરેક સરકારી કર્મચારીએ હંમેશા ''સંપૂર્ણપણે પ્રમાણિક રહેવું'' તેવી જોગવાઈ ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, 1971ના કયા નિયમમાં થયેલી છે ?

(A) નિયમ 3(1)(1) (B) નિયમ 4(1)(1) (C) નિયમ 3(1)(2) (D) નિયમ 3(1)(3)

196. દરેક રાજ્યપત્રિત અધિકારીએ દરેક વર્ષના ડિસેમ્બર અંતિત સ્થાવર / જંગમ મિલકતોના પત્રક દર વર્ષે કઈ તારીખે રજૂ કરવાના રહે છે ?

(A) 1 ફેબ્રુઆરી (B) 31 ડિસેમ્બર (C) 31 માર્ચ (D) 1 જાન્યુઆરી

197. ખાતાકીય તપાસની બાબતમાં નાની શિક્ષાઓ કરવા માટેની પદ્ધતિ અનુસર્યા બાદ, સરકારી કર્મચારીની રજૂઆતને વિચારણામાં લીધા પછી, કેટલા વર્ષ કરતાં વધારે મુદત માટે પગારના ઈજાફા અટકાવવા ધાર્યુ હોય તો, શિક્ષાનો હુકમ કરતાં પહેલાં મોટી શિક્ષાઓ કરવા માટેની પદ્ધતિ અનુસરવી જોઈશે ?

(A) આવી કોઈ જોગવાઈ નિયમોમાં નથી
(B) ત્રણ કરતા વધારે
(C) ત્રણ
(D) બે

198. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, 1971ની જોગવાઈના સંદર્ભમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો :

1. સરકારના તાબાના અધિકારીઓએ ફરમાવેલી કોઈ ખાતાકીય તપાસમાં સરકારી કર્મચારી સરકારની પૂર્વમંજૂરી વિના પુરાવા આપી શકશે.
2. કોઈ સત્તાધિકારી તરફથી હાથ ધરાયેલી તપાસમાં સરકારની પૂર્વમંજૂરીથી, સરકારી કર્મચારી પુરાવો આપી શકશે, જેમાં ભારતમાના કોઈ સરકારની નીતિ કે પગલાંની ટીકા કરી શકાશે નહીં. પરંતુ કોઈ ખાસ કેસમાં સરકાર આ શરત જતી કરી શકશે.

(A) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(B) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.
(C) બંને વિધાનો ખોટાં છે.
(D) બંને વિધાનો સાચાં છે.

199. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971ના કયા નિયમમાં નાની શિક્ષાઓ કરવાની જોગવાઈ થયેલ છે ?

(A) નિયમ-9 (B) નિયમ-10 (C) નિયમ-11 (D) નિયમ-12

200. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971 હેઠળ નીચેના પૈકી કયા હુકમ સામે અપીલ થઈ શકતી નથી ?

(A) નિયમ-9 હેઠળની તપાસ દરમ્યાન તપાસ અધિકારીએ કરેલા હુકમ સામે

(B) ફરજમોકૂફીના હુકમ સામે

(C) નિયમ-11 (ક) હેઠળ ઉચ્ચકક્ષાની સમિતિએ કરેલ હુકમ સામે

(D) (A) તથા (B) બંને

201. સરકારી કર્મચારીને ફરજમોકૂફ કરવાની સત્તા કોને છે ?

(A) (C) તથા (D) બંને

(B) શિસ્ત અધિકારીને

(C) નિમણૂંક અધિકારી અથવા તે જેના તાબામાં હોય તેવા અધિકારીને

(D) શિસ્ત અધિકારી કે સરકારે તે અંગેની સત્તા આપી હોય તેવા અધિકારીને

202. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971 મુજબ 'સરકારી કર્મચારી' એટલે જે કોઈ વ્યક્તિ

1. સરકાર હેઠળ મુલકી જગ્યા ધરાવતી હોય અને જેની સેવાઓ હંગામી ધોરણે ભારત સરકાર હસ્તક મૂકવામાં આવી હોય.

2. બીજી રાજ્ય સરકાર હેઠળ મુલકી જગ્યા ધરાવતી હોય અને જેની સેવાઓ હંગામી ધોરણે સરકાર હસ્તક મૂકવામાં આવી હોય.

3. બીજા સત્તાધિકારીની સેવામાં હોય અને જેની સેવાઓ હંગામી ધોરણે સરકાર હસ્તક મૂકવામાં આવી હોય.

(A) માત્ર 1 (B) 1 અને 2 (C) 1, 2 અને 3 (D) 1 અને 3

203. સરકારી કર્મચારી સામે કરવામાં આવેલ ગેરવર્તણૂંક અથવા ગેરવર્તન અંગેના આક્ષેપોની તપાસ શિસ્ત અધિકારી પોતે કરી શકશે અથવા નીચેના કયા નિયમની જોગવાઈ હેઠળ તપાસ અધિકારીની નિમણૂંક કરી શકશે ?

(A) મુંબઈ રાજ્ય સેવા નિયમો, 1959

(B) ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971

(C) રાજ્ય સેવક (તપાસ) અધિનિયમ, 1850

(D) ઉપરના (B) અથવા (C) માં નિર્દિષ્ટ નિયમો પૈકી કોઈપણ એક નિયમ હેઠળ

204. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971 ની જોગવાઈ સંદર્ભમાં નીચેના વિધાનો વિચારણમાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. ઉચ્ચકક્ષાની સમિતિ નિયમ 11(ક) હેઠળ કોઈપણ સરકારી કર્મચારીને બઢતીની રૂકાવટની શિક્ષા કરી શકશે.

2. આ નિયમો હેઠળ નાની શિક્ષાઓ કરવાની સત્તા ધરાવતા શિસ્ત અધિકારી, મોટી શિક્ષાઓમાંથી કોઈપણ શિક્ષા કરવાની સત્તા ધરાવતા ન હોય તેમ છતાં તેમાંની કોઈપણ શિક્ષા કરવા માટે સરકારી કર્મચારી સામે શિસ્તભંગની કાર્યવાહી કરી શકશે.

(A) બંને વિધાનો સાચાં છે.

(B) બંને વિધાનો ખોટાં છે.

(C) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.

(D) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

205. નીચે દર્શાવેલ કયા હુકમો સામે અપીલ થઈ શકશે ?

1. ફરજમોકુફીના હુકમ સામે

2. નિયમ-9 હેઠળની તપાસ દરમિયાન તપાસ અધિકારીએ કરેલ હુકમ સામે

3. ઉપલી જગ્યા પર બઢતી ન મળે તેવી અસર ધરાવતો હુકમ

4. ઉચ્ચકક્ષાની સમિતિએ કરેલ હુકમ સામે

(A) 1 અને 2 (B) 1, 2 અને 3 (C) 1 અને 3 (D) 1, 2, 3 અને 4

206. મકાન બાંધકામ પેશગીની ચૂકવણી માટે સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગે આપેલું નાણા ઉપલબ્ધ હોવા અંગેનું પ્રમાણપત્ર, પેશગી ચૂકવવાની મંજૂરી કેટલા સમયની અંદર આપવામાં ન આવે તો તે રદ થાય છે ?

(A) એક મહિનાની (B) બે મહિનાની (C) ચાર મહિનાની (D) ત્રણ મહિનાની

207. ગુજરાત નાણાકીય નિયમો, 1971 હેઠળ મહેસૂલનાં રીફંડ સામાન્ય રીતે કેટલા પ્રકારે વર્ગીકૃત કરવામાં આવે છે ?

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

208. હિસાબ - તપાસણી ફીની ચુકવણીમાંથી નીચેનામાંથી કોને મુક્તિ આપવામાં આવેલ છે ?

(A) પંચાયતો (B) નગરપાલિકાઓ (C) યુનિવર્સિટીઓ (D) ઉપરોક્ત તમામ

209. નિભાવના હેતુઓ માટે વાર્ષિક રૂપિયા દસ હજારથી વધુ સહાયક અનુદાન મંજૂર કરવામાં આવ્યું હોય ત્યારે અનુદાન કેટલા હપ્તામાં ચૂકવવામાં આવે છે ?

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

210. મકાન બાંધકામ પેશગી સંબંધમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. જેમણે રાજ્ય સરકારમાં સળંગ ઓછામાં ઓછી બે વર્ષની સેવા બજાવી હોય એવા નેત્રહીન સરકારી કર્મચારી પેશગી માટે પાત્ર ગણાય છે.

2. પતિ અને પત્નિ બંને રાજ્ય સરકારના કર્મચારીઓ હોય અને બંને પેશગી મેળવવાને પાત્ર હોય, તો પેશગી બંનેને મળવાપાત્ર થશે.

(A) બંને વિધાનો સાચાં છે. (B) બંને વિધાનો ખોટાં છે.

(C) વિધાન 1 ખોટું અને 2 સાચું છે. (D) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.

211. નીચેના પૈકી કયું ગીરોષત ફોર્મ મકાન પેશગી સાથે સંબંધિત છે ?

(A) ફોર્મ-30 (B) ફોર્મ-24 (C) ફોર્મ-31 (D) ફોર્મ-33

212. ગુજરાત નાણાકીય નિયમો, 1971ની જોગવાઈ અંતર્ગત તિજોરી અથવા બેંકમાં કોઈ રકમ જમા કરાવવાનું કામ કોને સોંપવાનું હોય છે ?

(A) કારકુનને

(B) અપવાદરૂપ કેસોમાં જ, લાંબા સમયથી નોકરીમાં હોય એવા વિશ્વાસપાત્ર પટાવાળાને

(C) કારકુન અથવા કેશિયરને

(D) (B) અને (C) બંને

213. જાહેર નાણામાંથી ખર્ચ કરવા અધિકૃત અધિકારીઓને નાણા ખર્ચ કરવા કયા સિદ્ધાંતો લાગુ પડે છે ?
(A) નાણાકીય કરકસરના સિદ્ધાંત (B) કુદરતી ન્યાયના સિદ્ધાંત
(C) નાણાકીય ઔચિત્યના સિદ્ધાંત (D) આવક ખર્ચ અંકુશના સિદ્ધાંત

214. પગાર ભથ્થા કે આકસ્મિક ખર્ચની વધુ રકમ આકારવા માટે નીચેનામાંથી કોણ જવાબદાર છે ?
(A) સંબંધિત તિજોરી અધિકારી (B) બિલ આકારનાર અધિકારી
(C) નિયંત્રણ અધિકારી (D) (B) અને (C) બંને

215. નવા મકાન બંધકામ માટે મંજૂર કરવામાં આવેલ પેશગીના કિસ્સામાં મકાનનું બાંધકામ છાપરા સુધી પહોંચે ત્યારે કર્મચારીને કુલ મંજૂર થયેલ પેશગીની કુલ કેટલી રકમ ચૂકવી આપવાની રહે છે ?
(A) 100% (B) 40% (C) 70% (D) 30%

216. નીચેનાં પૈકી કઈ પેશગી વ્યાજુકી પેશગી છે ?
(A) અનાજ ખરીદવા પેશગી (B) તહેવાર પેશગી
(C) પંખો ખરીદવા પેશગી (D) ઉપરોક્ત તમામ

217. ગાંધીનગર અને અમદાવાદની કચેરીઓ માટે નવા ટેલિફોન જોડાણો આપવાની સત્તા કોની છે ?
(A) સંબંધિત વહીવટી વિભાગ (B) સંબંધિત ખાતાના વડા
(C) સંબંધિત કચેરીના વડા (D) સામાન્ય વહીવટ વિભાગ

218. વહીવટી વિભાગો અને અન્ય સત્તા તંત્રોએ તેમના તાબાના અધિકારીઓને સોંપણી અથવા પુનઃસોંપણી કરેલ સત્તાઓની બાબતમાં, જરૂર જણાય ત્યાં નાણા વિભાગની મંજૂરીથી ઓછામાં ઓછું કેટલા સમયે એકવાર સમીક્ષા કરવી જોઈએ ?
(A) એક વર્ષમાં (B) બે વર્ષમાં (C) ત્રણ વર્ષમાં (D) છ માસમાં

219. કોઈપણ રાજ્યપત્રિત અધિકારીને ખાતાના પ્રાદેશિક વડા તરીકે જાહેર કરવાની સત્તા કોને છે ?
(A) ખાતાનાં વડાને (B) વિભાગનાં વડાને
(C) કચેરીનાં વડાને (D) નાણા વિભાગના સચિવને

220. નાણા વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓને આધિન રહીને વર્ગ-3 સંવર્ગમાં એક વર્ષ માટે જગ્યાઓ ઉભી કરવાની સત્તા કોને છે ?
(A) કચેરીના વડા (B) ખાતાના વડા
(C) વહીવટી વિભાગ (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

221. સચિવાલયના નાયબ સચિવ / સંયુક્ત સચિવ કે તેથી સમકક્ષ અધિકારીને આતિથ્ય ખર્ચ માટેની વાર્ષિક મર્યાદા કેટલી છે ?
(A) રૂા. 5,000/- (B) રૂા. 6,000/- (C) રૂા. 7,500/- (D) રૂા. 10,000/-

222. ગુજરાત નાણાકીય સત્તા સોંપણી નિયમો, 1998 હેઠળ કોઈપણ અધિકારીને ખાતાના વડા જાહેર કરવાની સત્તા કોને છે ?
(A) નાણા વિભાગ (B) સામાન્ય વહીવટ વિભાગ
(C) સંબંધિત વહીવટી વિભાગ (D) કાયદા વિભાગ

223. કાયમી પેશગીના સંદર્ભમાં નીચેના વિધાનો પૈકી કયું / કયા વિધાન / વિધાનો યોગ્ય છે ?

1. પેશગીની રકમ સરેરાશ આકસ્મિક ખર્ચની જેટલી રકમ આવે તેની મર્યાદામાં મંજૂર કરી શકાય છે.

2. ચોથા વર્ગના કર્મચારીને મુસાફરી કરવા અંગે મુસાફરી ભાડાની રકમ માટે આપી શકાય છે.

(A) બંને વિધાનો ખોટાં છે.
(B) બંને વિધાનો સાચાં છે.
(C) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(D) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

224. પુસ્તકો અને પ્રકાશનોના કેટલા પ્રકાર છે ?

(A) 1 (B) 3 (C) 2 (D) 6

225. બિલમાં સામી સહી કરનાર અધિકારી કયા નામથી ઓળખાય છે ?

(A) ઉપાડ અને વહેંચણી અધિકારી
(B) તપાસ અધિકારી
(C) મંજૂરી માટે અધિકારી
(D) નિયંત્રણ અધિકારી

226. કોઈ અન્યથા જોગવાઈ ન હોય તો કાયમી પેશગીની રકમ કોણ નક્કી કરે છે ?

(A) નાણા વિભાગ
(B) સંબંધિત વહીવટી વિભાગ
(C) ખાતાનાં વડા
(D) કચેરીનાં વડા

227. ગુજરાત રાજ્ય ખરીદનીતિ, 2016 મુજબ ડિપાર્ટમેન્ટલ પરચેઝ કમિટીમાં નીચેનાં પૈકી કોણ સદસ્ય હોતું નથી ?

(A) સંબંધિત વિભાગના સચિવ
(B) ખાતાનાં વડા
(C) સિનિયર હિસાબી અધિકારી
(D) વર્ગ-1 થી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા, મધ્યસ્થ સરંજામ ખરીદતંત્રના અધિકારી

228. કેટલા દિવસથી ઓછા દિવસ માટે ટેન્ડર પ્રસિદ્ધ થયેલ હોય તેવી ખરીદીને તત્કાલ (ઈમરજન્સી) ખરીદી ગણવાની રહેશે ?

(A) 15 (B) 21 (C) 10 (D) 07

229. રાજ્યના અતિ નાના (સૂક્ષ્મ) / કુટિર અને લઘુ ઔદ્યોગિક એકટો માટે આરક્ષિત ચીજવસ્તુઓમાં સારી ગુણવત્તા ધરાવતા માલસામાનની ખરીદી કરવામાં અથવા યોગ્ય હરીફાઈ ન થવાને કારણે મુશ્કેલી જણાય તો ખરીદકર્તા કચેરીએ આરક્ષણમાંથી મુક્તિ માટે કોની પૂર્વ મંજૂર મેળવવાની રહેશે ?

(A) ઉદ્યોગ અને ખાણ વિભાગની
(B) સંબંધિત વહીવટી વિભાગની
(C) સચિવશ્રીઓની ખરીદ સમિતિની
(D) ખાતાકીય ખરીદ સમિતિની

230. એક લઘુએકમ કંપની કે જેનાં બધાં જ શેરહોલ્ડરો મહિલા છે. તો ગુજરાત રાજ્ય ખરીદનીતિ, 2016 મુજબ તે કંપનીને રાજ્યના મધ્યમ / મોટાં એકમો તથા અન્ય રાજ્યના સૂક્ષ્મ, લઘુ, મધ્યમ તથા મોટા એકમો સામે કેટલા ટકા ભાવ પસંદગીનો લાભ મળવાપાત્ર થશે ?

(A) 10% (B) 11% (C) 7.5% (D) 5%

231. રૂપિયા દસ લાખ સુધીની બ્રાન્ડેડ આઈટમ ખરીદ કરવાની મંજૂરી આપવાની સત્તા કોની છે ?

(A) ઉદ્યોગ અને ખાણ વિભાગની
(B) ડિપાર્ટમેન્ટલ પરચેજ કમિટી
(C) સેક્રેટરીએટ ડીપાર્ટમેન્ટલ પરચેજ કમિટી
(D) સેક્રેટરીઝ પરચેજ કમિટી

232. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013 મુજબ રાજ્ય અપીલ સત્તામંડળને દ્વિતીય અપીલ મળ્યાની સ્વીકૃતિની પહોંચ કેટલા દિવસની અંદર નિયત નમૂનામાં અરજદારને પાઠવવાની હોય છે ?

(A) ત્રણ (B) બે (C) પાંચ (D) સાત

233. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013 અંતર્ગત રાજ્ય અપીલ સત્તામંડળના સંબંધમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને સાચો જવાબ પસંદ કરો.

1. ફરિયાદ નિવારણ અધિકારીના નિર્ણયથી નારાજ થયેલી હોય તેવી કોઈપણ વ્યક્તિ અપીલ કરી શકશે.

2. મુકરર સત્તાધિકારીના નિર્ણયથી નારાજ થયેલી હોય તેવી કોઈપણ વ્યક્તિ અપીલ કરી શકશે.

3. અધિનિયમની જોગવાઈ મુજબ, રાજ્ય સરકાર એક અથવા વધુ રાજ્ય અપીલ સત્તામંડળની રચના કરી શકશે.

4. રાજ્ય અપીલ સત્તામંડળ પાંચથી વધુ ન હોય તેટલાં સભ્યોનું બનશે.

(A) 1, 3 અને 4 વિધાનો સાચાં છે. (B) 2, 3 અને 4 વિધાનો સાચાં છે.

(C) 2 અને 3 વિધાનો સાચાં છે. (D) 1 અને 4 વિધાનો સાચાં છે.

234. અરજદારે મુકરર સત્તાધિકારીને કરેલ અપીલનો નિકાલ કેટલા દિવસમાં કરવાનો રહેશે ?

(A) 45 (B) 30 (C) 60 (D) 90

235. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013 મુજબ દરેક વ્યક્તિગત નાગરિકોને સમયમર્યાદા સેવાઓ પહોંચાડવાનો અધિકાર રહેશે. આ લાગુ પડે છે.

(A) અધિનિયમના કલમ-4માં સમાવિષ્ટ બધી સેવાઓ.

(B) ફક્ત મહેસૂલ વિભાગની સેવાઓ શામેલ છે.

(C) મહેસૂલ અને નાણા વિભાગ સિવાયની બધી સેવાઓ શામેલ છે.

(D) રાજ્ય સરકાર, વખતોવખત, સેવાઓની યાદી જાહેર કરશે.

236. રાજ્ય માહિતી પંચમાં કેટલાથી વધુ નહિ તેટલા માહિતી કમિશનરોની સંખ્યા હોય છે ?

(A) ચાર (B) દસ (C) આઠ (D) બે

237. રાજ્ય માહિતી પંચના મુખ્ય મથક સંબંધમાં નીચેનામાંથી કયું વિધાન / વિધાનો યોગ્ય છે ?

(A) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા સ્થળે રહેશે.

(B) રાજ્ય માહિતી પંચ નક્કી કરે તે સ્થળે રહેશે.

(C) રાજ્યપાલ નિયત કરે તે સ્થળે રહેશે.

(D) કાયદા વિભાગ નિયત કરે તે સ્થળે રહેશે.

238. માહિતી મેળવવાનો અધિકાર અધિનિયમ, 2005 અંતર્ગત, માંગવામાં આવેલ માહિતી ત્રાહિત પક્ષકારને લગતી હોય તો, ત્રાહિત પક્ષકારને જાહેર માહિતી અધિકારી સમક્ષ રજુઆત કરવા માટે કેટલો સમય આપવામાં આવે છે ?

(A) નોટીસ મળ્યાની તારીખથી સાત દિવસની અંદર

(B) નોટીસ મળ્યાની તારીખથી દસ દિવસની અંદર

(C) નોટીસ મળ્યાની તારીખથી ચૌદ દિવસની અંદર

(D) નોટીસ મળ્યાની તારીખથી એકવીસ દિવસની અંદર

239. કેટલી વખત નાગરિકો માહિતી અધિકાર અધિનિયમ, 2005 હેઠળ કેટલાક દસ્તાવેજોમાંથી ચોક્કસ માહિતી પસંદ કરી, એવી તારવેલી માહિતી પૂરી પાડવા માટે જાહેર માહિતી અધિકારીઓને વિનંતી કરે છે. આના સંદર્ભમાં નીચેનામાંના કયું વિધાન / વિધાનો યોગ્ય છે?

1. જાહેર માહિતી અધિકારીએ આવી સામગ્રીમાંથી કોઈ અનુમાનિત નિષ્કર્ષ તારવી અરજદારને તે માહિતી પૂરી પાડવાની નથી.

2. જાહેર માહિતી અધિકારીએ જાહેર સત્તામંડળ પાસે સામગ્રી જે રૂપમાં હોય તે રૂપે પૂરી પાડવાની છે.

3. નાગરિક વતી તેના પર સંશોધન કરી, નિષ્કર્ષ રૂપે માહિતી તારવી અરજદારને પૂરી પાડવાની નથી.

(A) માત્ર 2 (B) 1 અને 2 (C) 1 અને 3 (D) 1, 2 અને 3

240. 1. માહિતી ના આપવામાં આવે ત્યારે યોગ્ય કારણો જણાવવાના રહે છે અને કારણોની યોગ્યતા સાબિત કરવાની જવાબદારી જાહેર માહિતી અધિકારી ઉપર છે.

2. માહિતી માટેની અરજી કોઈપણ વ્યક્તિ કરી શકે છે.

(A) વિધાન 1 ખોટું અને 2 સાચું છે. (B) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.

(C) બંને વિધાનો સાચાં છે. (D) બંને વિધાનો ખોટાં છે.

241. જાહેર વહીવટનું ક્ષેત્ર નીચેનામાંથી કયા એક સિવાયની બાબતોને સ્પર્શે છે ?

(A) સામાન્ય વહીવટ (B) સંગઠન (C) કર્મચારીગણ (D) નફાનો અભિગમ

242. જાહેર વહીવટના કાર્યક્ષેત્ર અને મહત્વમાં શામેલ નથી.

(A) સમાનતાવાદ

(B) વ્યક્તિગત ભૌતિક અને આધ્યાત્મિક જરૂરિયાતો માટેની કોઈ ચિંતા

(C) જાહેર વહીવટ ખાનગી બાબતોને ધ્યાનમાં લેતું નથી

(D) વધતી જતી સામાજિક જટિલતા અને વિશેષતા

243. જાહેર વહીવટની અંતિમ કસોટી શું છે ?

(A) નિયમો અને કાર્યવાહીનું સફળ અમલીકરણ (B) નિયમો અને કાર્યવાહીની સરળતા

(C) સરળ વહીવટી પ્રક્રિયા (D) મહત્તમ માનવ કલ્યાણ

244. નીચેના વિધાનો વિચારણામાં લો અને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ માટે ભારત સરકાર દ્વારા મોબાઈલ પ્રશિક્ષણ એપ્લીકેશન શરૂ કરવામાં આવી છે.

2. દેશની પ્રથમ અદ્યતન હાયપરસોનિક વીન્ડ ટનલ પરીક્ષણ સુવિધાનું હૈદરાબાદમાં ઉદ્‌ઘાટન કરવામાં આવેલ છે.

(A) બંને વિધાનો સાચાં છે. (B) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.

(C) વિધાન 1 ખોટું અને 2 સાચું છે. (D) બંને વિધાનો ખોટાં છે.

245. નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

(A) જાહેર જવાબદારી એ જાહેર વહીવટની વિશેષતા છે.

(B) નિર્ણયનું સાતત્ય એ જાહેર વહીવટનું મહત્વનું લક્ષણ છે.

(C) સામુદાયિક સેવાઓ જાહેર વહીવટનો આદર્શ છે.

(D) નફાનો હેતુ એ જાહેર વહીવટનું મુખ્ય સૂત્ર છે.

246. ભારત સરકારના કર્મચારીઓ અને તાલીમ વિભાગના સહયોગથી જાહેર નીતિઓ માટેનું કેન્દ્ર ક્યાં સ્થાપવામાં આવેલ છે ?

(A) ભારતની વહીવટી સ્ટાફ કોલેજ, હૈદરાબાદ

(B) ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, બેંગલુરૂ

(C) કર્મચારીઓ અને તાલીમ વિભાગ, ભારત સરકાર

(D) મેનેજમેન્ટ ડેવલોપમેન્ટ

247. વહીવટના વધતા જતા મહત્વના કારણ/કારણો શું છે ?

(A) ઔદ્યોગિક ક્રાન્તિ અને તકનીકિ વિકાસ

(B) સામાન્ય માણસના સામાજિક - આર્થિક સુમેળ માટેના આયોજનની કલ્પનાનો ઉદ્ભવ

(C) સમગ્ર માનવશક્તિ અને દેશના સંસાધનોનું એકત્રીકરણ

(D) ઉપરોક્ત તમામ

248. જાહેર વહીવટના સંચાલકીય અભિગમ પોસ્ડકોર્બ અભિગમમાં નીચેનામાંથી શાનો સમાવેશ થાય છે ?

1. આયોજન

2. સંગઠન

3. સંચાલન

4. સંકલન

5. કર્મચારી વહીવટ

6. અંદાજપત્રીય કામગીરી

7. ઉચ્ચકક્ષાએ થતા નીતિવિષયક નિર્ણયની કામગીરીઓ

(A) 1, 2, 3 અને 4
(B) 1, 2, 3, 4 અને 5
(C) 1, 2, 3, 4, 5, 6 અને 7
(D) 1, 2, 3, 5, 6 અને 7

249. મસૂરી ખાતે રાષ્ટ્રીય પ્રશાસન અકાદમીની સ્થાપના કયા વર્ષમાં થઈ હતી ?

(A) 1960 (B) 1959 (C) 1961 (D) 1964

250. સરકારી સંગઠનો પર વહીવટી ઉત્તરદાયિત્વ કોના દ્વારા સ્થાપિત થાય છે ?

(A) કારોબારી (B) વિધાનમંડળ (C) ન્યાયતંત્ર (D) ઉપરોક્ત તમામ

251. પ્રધાનમંત્રી શ્રમયોગી માન-ધન પેન્શન યોજનાની શરૂઆત કયા વર્ષમાં થઈ છે ?

(A) 2018 (B) 2020 (C) 2019 (D) 2016

252. સુશાષનના તત્વોમાં સામેલ છે.

1. સર્વસંમતિ લક્ષીતા

2. અસરકારક અને કાર્યક્ષમ

3. અનોખું વિશિષ્ટ

4. પ્રતિભાવશીલ

(A) 1, 2 અને 3 (B) 2, 3 અને 4 (C) 1, 2 અને 4 (D) 1, 3 અને 4

253. જાહેર એજન્સીઓ સામે જાહેર ફરીયાદ અને અસંતોષનું મુખ્ય કારણ નીચે આપેલ માનવામાં આવે છે.

(A) જાહેર એજન્સીઓનું નબળું પ્રદર્શન અને વિતરણ પદ્ધતિમાં નિષ્ફળતા

(B) લોકો તરફથી સ્વાર્થી વર્તન વધી રહ્યું છે.

(C) વિરોધી પક્ષો દ્વારા સતત ટીકા કરવામાં આવે છે.

(D) લોકોના મુદ્દાઓના કવરેજમાં મીડિયાની બિનઅસરકારકતા

254. વ્યાવસાયિક જવાબદારીનો અર્થ થાય છે :

(A) અસરકારકતા અને લક્ષ્યોની સિદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરવું

(B) સંસ્થામાં અધિક્રમિક ક્રમ જાળવી રાખવો

(C) જાહેર કાર્યક્રમની કાયદેસરતા

(D) જાહેર હિતને બચાવવાના મોટાં ઉદ્દેશ્ય સાથે આચારસંહિતાને સંતુલિત કરવું

255. કાર્ય કરીને અને ભૂલોથી શીખવાની તાલીમને કહેવામાં આવે છે :

(A) ઔપચારિક તાલીમ

(B) અનૌપચારિક તાલીમ

(C) પરિભ્રમણ તાલીમ

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

256. સામાજિક જવાબદારીની પ્રક્રિયાના ઢાંચાને સક્ષમ કરવા માટેના મુખ્ય પગલાં આ છે :

1. માહિતીનો આધાર બનાવવો

2. જાહેરમાં જવું

3. જોડાણ બનાવવું

4. આગળ વધવું અને પરિવર્તન માટે વાટાઘાટો કરવી

(A) 1 અને 2

(B) 2, 3 અને 4

(C) 1, 2 અને 3

(D) 1, 2, 3 અને 4

257. કર્મચારીઓને કેટલીક વિશેષ તકનીકમાં અથવા કાયદાની કાર્યવાહીની જટીલ પદ્ધતિમાં સૂચના આપવા માટેના તાલીમના પ્રકારને કહેવામાં આવે છે :

(A) કેન્દ્રીય તાલીમ

(B) કૌશલ્ય તાલીમ

(C) પૃષ્ઠભૂમિ તાલીમ

(D) ખાતાકીય તાલીમ

258. તાલીમની વ્યાખ્યાયન પદ્ધતિ વિશે નીચેનામાંથી કયું વિધાન યોગ્ય નથી ?

(A) આ પદ્ધતિનો અનૌપચારિક તાલીમમાં વ્યાપકપણે ઉપયોગ થાય છે.

(B) આ પદ્ધતિમાં શીખનાર દીઠ ખર્ચ ઓછો છે.

(C) જટિલ વિશ્લેષણાત્મક સમસ્યાઓ સમજાવવા માટે આ તાલીમ પદ્ધતિ ઉપયોગી છે.

(D) વ્યાખ્યાન મોટા જુથોમાં આપી શકાય છે. તેથી ટૂંકા ગાળામાં મોટી સંખ્યામાં તાલીમ આપી શકાય છે.

259. જાહેર કર્મચારીની તાલીમનો વિશેષ રૂપે અર્થ છે :

1. કર્મચારીઓની કુશળતામાં સુધારો અથવા વધારો

2. બુદ્ધિ સ્તર સુધારવા

3. ઈચ્છિત દિશામાં વલણ અને મૂલ્યોની યોજનાઓ વિકસાવવી

4. વધારાના કામો કરવા કર્મચારીઓને પ્રતિબદ્ધ કરવા

(A) 1, 2 અને 3
(B) 2, 3 અને 4
(C) 1, 2 અને 4
(D) 1, 2, 3 અને 4

260. ભારત સરકારના કૌશલ્ય અને સાહસિક્તા મંત્રાલયે જાન્યુઆરી 2020માં નીચેનામાંથી કોના સહયોગથી ગાંધીનગર ખાતે કૌશલ્ય ભારતીય સંસ્થાનો પાયો નાંખેલ છે ?

(A) ગુજરાત સરકાર

(B) ટાટા એજ્યુકેશન ડેવલોપમેન્ટ ટ્રસ્ટ

(C) (A) તથા (B) બંને

(D) (A) કે (B) બંનેમાંથી એકેય નહીં

261. નીચેના પૈકી કયું વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. લોકપાલ પાસે કાર્યવાહી ચલાવવાની (to prosecute) સત્તા નથી.

2. તે સુપ્રિમ કોર્ટમાં કાર્યવાહી કરવાની ભલામણ કરશે.

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) 1 અને 2 બંને
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

262. કોઈ તપાસના સંબંધમાં અથવા તે દરમિયાન કોઈ આક્ષેપ સીધો અથવા જાહેર હોદ્દેદાર સાથે સંયુક્ત રીતે મુખ્યમંત્રી પર કરાયેલ હોય ત્યારે ગુજરાત લોકાયુક્ત આયોગમાં બેંચ કેટલા સભ્યોની બનેલી હોવી જોઈએ ?

(A) પાંચ
(B) બે
(C) ત્રણ
(D) ચાર

263. લોકપાલના કાર્યક્ષેત્રમાં નીચેનામાંથી કોણ આવે છે ?

1. વડાપ્રધાન

2. મંત્રીઓ

3. સંસદ સભ્યશ્રીઓ

4. કેન્દ્ર સરકારના વર્ગ-1/2 ના અધિકારીઓ

(A) 3 અને 4
(B) 1 અને 2
(C) 1 થી 4
(D) 1, 2 અને 3

264. ગુજરાત લોકાયુક્ત આયોગ અધિનિયમ, 2013 અમલમાં આવતા નીચેનો કયો અધિનિયમ રદ કરવામાં આવેલ છે ?

(A) ગુજરાત લોકાયુક્ત અધિનિયમ, 1984

(B) ગુજરાત લોકાયુક્ત અધિનિયમ, 1978

(C) ગુજરાત લોકાયુક્ત અધિનિયમ, 1990

(D) ગુજરાત લોકાયુક્ત અધિનિયમ, 1986

265. લોકસભામાં પહેલીવાર લોકપાલ બિલ ક્યારે રજૂ થયું હતું ?

(A) 1984 (B) 1985 (C) 1991 (D) 1992

266. નીચેનામાંથી કયા ભારતમાં ભ્રષ્ટાચાર વિરોધી પગલાં છે ?

1. માહિતીનો અધિકાર અધિનિયમ, 2005

2. પ્રિવેન્શેન ઓફ મની લોન્ડરીંગ એક્ટ, 2002

3. ધ લોકપાલ અને લોકાયુક્ત એક્ટ, 2013

4. વ્હીસલ બ્લોઅરસ પ્રોટેક્શન એક્ટ, 2013

(A) 3 અને 4 (B) 1 અને 2

(C) 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

267. લોકપાલથી નીચેના હોદ્દામાં કયા મુજબ અધિકારીનો સમાવેશ થાય છે ?

1. લોકપાલના સચિવ

2. તપાસ નિયામક

3. પગેરૂં નિયામક

4. પ્રોસીક્યુશન નિયામક

(A) 1, 2 અને 3 (B) 2, 3 અને 4

(C) 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4

268. લોકપાલના હિસાબોના વાર્ષિક અહેવાલના સંબંધમાં નીચેનાને વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો :

1. લોકપાલ યોગ્ય હિસાબો અને સંબંધિત રેકર્ડ જાળવશે અને કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલના પરામર્શમાં કેન્દ્ર સરકારે નિયત કરેલ નમૂનામાં હિસાબોનો વાર્ષિક અહેવાલ તૈયાર કરશે.

2. લોકપાલના હિસાબોનું ઓડિટ ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા તેમના દ્વારા કરવામાં આવેલા સમયાંતરે કરવામાં આવશે.

3. લોકપાલના હિસાબો ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના કાર્યક્ષેત્રમાં આવતા નથી.

4. અધ્યક્ષ દ્વારા પ્રમાણિત થયા મુજબ લોકપાલના હિસાબો સંસદના દરેક ગૃહ સમક્ષ મૂકવામાં આવશે.

(A) 1, 2 અને 4 (B) 1 અને 2

(C) 1, 3 અને 4 (D) 2 અને 3

269. કેન્દ્રિય તકેદારી કમિશનરના હોદ્દાની મુદત કેટલી હોય છે ?

(A) પોતાનો હોદ્દો ધારણ કરે તે તારીખથી ત્રણ વર્ષની મુદત સુધી અથવા 65 વર્ષની ઉંમર થાય, એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી

(B) પોતાનો હોદ્દો ધારણ કરે તે તારીખથી ચાર વર્ષની મુદત સુધી અથવા 65 વર્ષની ઉંમર થાય, એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી

(C) પોતાનો હોદ્દો ધારણ કરે તે તારીખથી પાંચ વર્ષની મુદત સુધી અથવા 65 વર્ષની ઉંમર થાય, એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી

(D) પોતાનો હોદ્દો ધારણ કરે તે તારીખથી પાંચ વર્ષની મુદત સુધી અથવા 62 વર્ષની ઉંમર થાય, એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી

270. જનસેવા કેન્દ્ર અંગે નીચેનામાંથી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. જનસેવા કેન્દ્રમાં વન ડે ગવર્નન્સ હેઠળ આપવામાં આવતી સેવાઓનું બોર્ડ લગાવવાનું રહેશે.

2. આ કેન્દ્રોનું સંચાલન સુગમ રીતે થાય તે માટે સુદૃઢ નાણાકીય વ્યવસ્થા ઉભી કરવા માટે રાજ્યના તમામ તાલુકામાં ‘ઈ-સેવા સોસાયટી’ની રચના કરવાની રહેશે.

(A) બંને વિધાનો સાચાં છે.

(B) બંને વિધાનો ખોટાં છે.

(C) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.

(D) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

271. ગુજરાત સરકાર દ્વારા કયા વર્ષથી હિસાબો રાખવા માટે કોમ્પ્યુટરોને ઉપયોગમાં લેવાની શરૂઆત કરી હતી ?

(A) 1984 (B) 1983

(C) 1985 (D) 1990

272. સ્વાગત (SWAGAT) અંતર્ગત મળતી ફરિયાદો કે જેનો નિકાલ બાકી હોય તેની સમીક્ષા મુખ્યમંત્રી દ્વારા ક્યારે કરવામાં આવે છે ?

(A) દર માસના ચોથા સોમવારે (B) દર માસના પહેલા સોમવારે

(C) દર માસના ચોથા ગુરૂવારે (D) દર માસના પહેલા ગુરૂવારે

273. વહીવટ પર નાગરિકના નિયંત્રણની તકનીક છે ..........

1. ચૂંટણી

2. લોક અભિપ્રાય

3. દબાણ જૂથો

4. સલાહકારી સમિતિઓ

5. પાછા બોલાવવા

(A) 1, 2, 3 અને 4 (B) 2, 3 અને 5

(C) 3, 4 અને 5 (D) ઉપરોક્ત તમામ

274. વહીવટી સુધારાઓ તેમની સફળતા માટે આના પર આધાર રાખે છે :

1. સક્ષમ નેતૃત્વ, યોગ્ય ચકાસણી અને પરિસ્થિત પર મજબૂત પકડ

2. સમયની યોગ્ય સમજ, પાયામાં વિસ્તૃત આધાર, સાવચેતીભર્યુ આયોજન અને તબક્કાવાર દરખાસ્તો

3. સંસાધનો પર નિયંત્રણ અને રાજકીય પરિસ્થિતિની ઊંડી સમજ

4. આંતરરાષ્ટ્રીય એજન્સીઓ અને વિદેશી દેશો દ્વારા ટેકો, દાતા એજન્સીઓ દ્વારા સહાયની જોગવાઈ અને તેમની ભાગીદારી

(A) 1, 2 અને 3 (B) 1, 3 અને 4

(C) 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

275. ''મેનેજમેન્ટ ઈન ગવર્નમેન્ટ'' – ત્રિમાસિક સામયિક નીચેનામાંથી કોના દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે ?

(A) ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ

(B) લાલબહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઓફ એડમીનીસ્ટ્રેશન, મસૂરી

(C) ડિપાર્ટમેન્ટ ઓફ એડમીનીસ્ટ્રેટીવ રિફોર્મ્સ એન્ડ પબ્લિક ગ્રીવનસીસ, ભારત સરકાર

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

276. પ્રથમ વહીવટી સુધારણા આયોગે મંત્રીમંડળમાં ત્રિસ્તરીય પદ્ધતિની ભલામણ કરી હતી. તેમાં નીચેનામાંથી કયો એક ભાગ નથી ?

(A) કેબિનેટ મંત્રીઓ

(B) સંયુક્ત પ્રધાનો

(C) રાજ્યકક્ષાના પ્રધાનો

(D) નાયબ પ્રધાનો

277. ભાવનાત્મક બુદ્ધિ ધરાવનાર વહીવટકારમાં નીચેનામાંથી કયું સામર્થ્ય હોય છે ?

1. બીજાના સંવેગો અને તેની અભિવ્યક્તિને વ્યક્તિગત સ્તર પર ન લે અને પોતાના વ્યવહારને નિયંત્રિત કરે.

2. નિર્ણયોને પ્રભાવિત કરનાર નૈતિક મૂલ્યોને સમજી શકે

3. વિવાદોનું રચનાત્મક ઢંગથી સમાધાન કરી શકે

4. નૈતિક મૂલ્યોની જાળવણી સાથે કાયદાની મર્યાદામાં ઉચિત નિર્ણય લે અને તેમાં અન્યોની ભાવનાની કદર પણ કરે.

(A) 1 અને 2

(B) 1, 2 અને 3

(C) 1, 2, 3 અને 4

(D) 1, 3 અને 4

278. બીજા વહીવટી સુધારણા આયોગે ભારત સરકાર સમક્ષ 15 અહેવાલ વિચારણા માટે રજૂ કર્યા છે. આમાં શામેલ છે.

1. માહિતીનો અધિકાર : સુશાસનની મુખ્ય ચાવી

2. શાસનમાં નીતિશાસ્ત્ર

3. ઉચ્ચ શિક્ષણના સંગઠનાત્મક માળખા પર

4. આતંકવાદ સામે લડવું

(A) 1, 2 અને 3

(B) 1, 2 અને 4

(C) 2, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

279. પક્ષપલટાના કારણસર સભ્યોની અયોગ્યતાના મુદ્દે બીજા વહીવટી સુધારણા પંચની ભલામણ શું છે ?

(A) ચૂંટણી પંચની સલાહ પર રાષ્ટ્રપતિ / રાજ્યપાલે નિર્ણય લેવો જોઈએ

(B) લોકસભા અથવા સંબંધિત વિધાનસભાના સ્પીકર દ્વારા નિર્ણય લેવો જોઈએ

(C) વડાપ્રધાન અથવા સંબંધિત રાજ્યના મુખ્યમંત્રી દ્વારા નિર્ણય લેવો જોઈએ

(D) સર્વોચ્ચ અદાલત / વડી અદાલત દ્વારા નિર્ણય લેવો જોઈએ

280. નીચેનામાંથી કયું સુશાસનના ચાર આધારસ્તંભોનો ભાગ નથી ?

(A) નીતિ (નાગરિકની સેવા)

(B) આર્થિક (હંમેશા નવા બજેટના પગલાં લેવાનું પસંદ કરે છે)

(C) કાર્યક્ષમતા (આઈસીટીનો ઉપયોગ કરીને પજવણી સિવાય ઝડપી અને અસરકારક સેવા)

(D) સમન્યાય (નબળા વર્ગની સહાનુભૂતિ સાથે તમામ નાગરિકો સાથે સમાન વર્તન)

281. નીચેનામાંથી કયા એકને ભારતના નાગરિક કેન્દ્રિત વહીવટમાં અવરોધક તરીકે બીજા વહીવટી સુધારણા પંચ દ્વારા ઓળખવામાં આવેલ નથી ?

(A) નાગરિક સેવકોની જવાબદારીનો અભાવ

(B) વહીવટમાં સમૃદ્ધ-નબળાંનો ભેદભાવ

(C) તુમારશાહી

(D) નાગરિકોના અધિકાર અને ફરજો પ્રત્યે જાગરૂકતાનું નિમ્ન સ્તર

282. નીતિ આયોગના સંબંધમાં નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

1. તેનો હેતુ ભારત સરકારની આર્થિક નીતિ નિર્માણ પ્રક્રિયામાં રાજ્યોને સક્ષમ બનાવવાનો છે.

2. તે આયોજનના પાયાના તબક્કાથી ઉચ્ચ તબક્કાના અભિગમની હિમાયત કરે છે.

3. કેન્દ્ર સરકારે 1 જાન્યુઆરી, 2015 ના રોજ નીતિ આયોગની રચનાની ઘોષણા કરી હતી.

4. નીતિ આયોગમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનું પ્રતિનિધિત્વ હોય છે.

(A) 1, 2, 3 અને 4
(B) 2, 3 અને 4
(C) 3 અને 4
(D) 1, 3 અને 4

283. 1. નિયમનકારી સંસ્થાઓ કારોબારીના નિરીક્ષણ બહાર કાર્યવાહી કરે છે.

2. આવી સંસ્થાઓ તેમના વિનિયમોના સંબંધમાં સુનાવણી કરીને તે અંગેના ચુકાદાઓ પણ આપે છે.

(A) બંને વિધાનો ખોટાં છે.
(B) બંને વિધાનો સાચાં છે.
(C) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(D) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

284. 1. વૈધાનિક સંસ્થાઓની કામગીરીના રિપોર્ટ સંસદમાં રજૂ થાય છે.

2. દરેક વૈધાનિક સંસ્થાની કાર્યરીતિ જે તે કાયદા દ્વારા તેમજ અન્ય પ્રાવધાનોથી નિયંત્રીત થાય છે.

(A) બંને વિધાનો સાચાં છે.

(B) બંને વિધાનો ખોટાં છે.

(C) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.

(D) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

285. રાષ્ટ્રીય માનવાધિકાર આયોગમાં અધ્યક્ષ તરીકે નિમાયેલ વ્યક્તિના હોદ્દાની મુદત હોય છે :

(A) પોતાનો હોદ્દો ધારણ કરે તે તારીખથી ત્રણ વર્ષની મુદત સુધી અથવા 70 વર્ષની ઉંમર થાય, એ બેમાંથી જે વહેલું થાય ત્યાં સુધી

(B) પોતાનો હોદ્દો ધારણ કરે તે તારીખથી ત્રણ વર્ષની મુદત સુધી અથવા 65 વર્ષની ઉંમર થાય, એ બેમાંથી જે વહેલું થાય ત્યાં સુધી

(C) પોતાનો હોદ્દો ધારણ કરે તે તારીખથી પાંચ વર્ષની મુદત સુધી અથવા 65 વર્ષની ઉંમર થાય, એ બેમાંથી જે વહેલું થાય ત્યાં સુધી

(D) પોતાનો હોદ્દો ધારણ કરે તે તારીખથી પાંચ વર્ષની મુદત સુધી અથવા 70 વર્ષની ઉંમર થાય, એ બેમાંથી જે વહેલું થાય ત્યાં સુધી

286. 1. અર્ધ-ન્યાયિક સંસ્થાઓની સત્તાઓ અને કાર્યરીતિ ન્યાયપાલિકા, ટ્રિબ્યુનલ કે લવાદી જેવી હોય છે.

2. તેમની સત્તા ચોક્કસ ક્ષેત્ર સુધી મર્યાદિત હોય છે.

(A) બંને વિધાનો ખોટાં છે.

(B) બંને વિધાનો સાચાં છે.

(C) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.

(D) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

287. મહિલાઓ માટે રાષ્ટ્રીય આયોગ આ બાબતોની ફરિયાદો પર ધ્યાન આપે છે :

1. મહિલા અધિકારોની વંચિતતા

2. મહિલાઓને સુરક્ષા પૂરી પાડતા કાયદાઓનો અમલ ન કરવા અંગે

3. રાજ્યોના મંત્રાલયો અને વિધાનસભાઓમાં મહિલાઓનું ઓછું પ્રતિનિધિત્વ કે પ્રતિનિધિત્વ ન હોવા અંગે

4. મહિલાઓના કલ્યાણ અંગેના નીતિ વિષયક નિર્ણય, માર્ગદર્શિકા અથવા સૂચનાઓનું પાલન ન કરવા અંગે

(A) 1, 2 અને 3

(B) 2, 3 અને 4

(C) 1, 2 અને 4

(D) 1, 2, 3 અને 4

288. ગુજરાત ઉર્જા તાલીમ અને સંશોધન સંસ્થા અંગે નીચેના વિધાનો વિચારણામાં લો.

1. તે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા સ્થાપિત થયેલ છે.

2. તે ગાંધીનગર ખાતે આવેલ છે.

(A) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.

(B) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

(C) બંને વિધાનો સાચાં છે.

(D) બંને વિધાનો ખોટાં છે.

289. નીચેના વિધાનો વિચારણામાં લઈને કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ? તેનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. રાષ્ટ્રીય ગ્રાહક વિવાદ નિવારણ આયોગ (NCDRC) દ્વારા ગ્રાહકોની ફરિયાદોની ઓનલાઈન કાર્યવાહી સરળ બનાવવા સપ્ટેમ્બર, 2020માં ''ઈ-દાખીલ'' પોર્ટલ શરૂ કરવામાં આવેલ છે.

2. આ પોર્ટલ 15 રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં કાર્યરત છે.

(A) બંને વિધાનો ખોટાં છે.

(B) બંને વિધાનો સાચાં છે.

(C) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.

(D) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

290. લઘુમતીઓ માટે રાષ્ટ્રીય આયોગના સંબંધમાં નીચેનાની વિચારણા કરી યોગ્ય વિકલ્પ પસંદ કરો :

1. લઘુમતીઓ માટે પ્રથમ વૈધાનિક રાષ્ટ્રીય આયોગની સ્થાપના વર્ષ 1993માં કરવામાં આવી હતી.

2. ધાર્મિક સમુદાયો એટલે કે; મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, બૌદ્ધ અને ઝોરોએસ્ટ્રિયન (પારસી)ને લઘુમતી સમુદાયો તરીકે જાહેર કરેલા છે.

3. વર્ષ 2014માં જૈનોને લઘુમતી સમુદાય તરીકે જાહેર કરેલ છે.

4. વર્ષ 2019માં કર્ણાટકના લિંગાયતને પણ લઘુમતિ સમુદાય તરીકે જાહેર કરેલ છે.

(A) 1, 2 અને 3 વિધાનો સાચાં છે.

(B) 2, 3 અને 4 વિધાનો સાચાં છે.

(C) 1, 3 અને 4 વિધાનો સાચાં છે.

(D) 1, 2, 3 અને 4 વિધાનો સાચાં છે.

291. રાષ્ટ્રીય ઈ-ગવર્નન્સ યોજના અંતર્ગત ''ઈ-પંચાયત'' પરિયોજના કયા વર્ષમાં શરૂ થયેલ છે ?

(A) 2006 (B) 2007 (C) 2014 (D) 2016

292. ''સ્ટાર્ટ અપ ઈન્ડિયા''ના સંબંધમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. ભારત સરકાર દ્વારા તેની શરૂઆત વર્ષ 2016માં કરવામાં આવી હતી.

2. તેનું સંચાલન એક ટીમ દ્વારા થાય છે, જે તેનો અહેવાલ ડીપીઆઈઆઈટીને આપે છે.

3. તેનો ઉદ્દેશ ભારતમાં સ્ટાર્ટ-અપ સંસ્કૃતિને ઉત્તેજન આપવું, નવાચાર અને ઉદ્યોગો માટે એક સશક્ત અને સમાવેશી ઈકોસિસ્ટમનું નિર્માણ કરવાનો છે.

(A) વિધાન 1 અને 2 સાચાં છે.

(B) ત્રણેય વિધાનો સાચાં છે.

(C) વિધાન 1 અને 3 સાચાં છે.

(D) વિધાન 2 અને 3 સાચાં છે.

293. શ્રમ કાયદાઓને લાગુ પાડવા અને તેના સરળ અમલ તથા જવાબદારી માટે શ્રમ અને રોજગાર મંત્રાલય, ભારત સરકારે એક એકીકૃત વેબ પોર્ટલ ''શ્રમ સુવિધા પોર્ટલ'' શરૂ કરેલ છે, જે નીચેનામાંની કઈ સંસ્થાઓની જરૂરિયાતો પૂરી પાડે છે ?

1. પ્રમુખ શ્રમ આયુક્ત કાર્યાલય (કેન્દ્રિય)

2. મહાનિર્દેશક ખાણ સુરક્ષા

3. કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન

4. કર્મચારી રાજ્ય વીમા નિગમ

(A) 1 અને 2 (B) 1, 2 અને 4

(C) 1, 2 અને 3 (D) 1 થી 4 બધાં

294. ટોલ પ્લાઝા પર પરિવહન અવરોધો દૂર કરવા અને વાહનોના સુચારૂ સંચાલન હેતુ ટોલ બુથ પર ભારત સરકારને રાષ્ટ્રવ્યાપી ઈલેક્ટ્રોનીક ટોલ વ્યવસ્થા ''ઈ-ટોલીંગ'' પરિયોજના કયા વર્ષમાં શરૂ કરવામાં આવેલ હતી ?

(A) 2016 (B) 2017 (C) 2015 (D) 2018

295. હિંસા પીડિત મહિલાઓને તબીબી, કાનૂની, પોલીસ અને મનોવૈજ્ઞાનિક કાઉન્સિલિંગ માટે ભારત સરકાર દ્વારા વર્ષ 2015માં ''વન-સ્ટોપ સેન્ટર'' શરૂ કરવામાં આવેલ. પહેલું કેન્દ્ર કયા રાજ્યમાં શરૂ કરવામાં આવેલ હતું ?

(A) મહારાષ્ટ્ર
(B) મધ્યપ્રદેશ
(C) કર્ણાટક
(D) છત્તીસગઢ

296. રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદ (NPC) એ કયા કેન્દ્રિય મંત્રાલય હેઠળ કાર્યરત એક સ્વાયત સંસ્થા છે ?

(A) વાણિજ્ય અને ઉદ્યોગ
(B) શ્રમ અને રોજગાર મંત્રાલય
(C) એમએસએમઈ મંત્રાલય
(D) નાણા વિભાગ

297. ભારત સરકાર દ્વારા ઈન્ટરનેટ આધારિત સુવિધા ''પોકસો ઈ-બોક્સ'' શરૂ કરવામાં આવેલ છે, જે કોને સંબંધિત છે ?

(A) દિવ્યાંગજનો માટે
(B) મિહલાઓની સુરક્ષા અને સંરક્ષણ માટે
(C) યૌન શોષણ થયેલ બાળક સુરક્ષિત અને ગોપનીય રીતે ફરિયાદ કરી શકે તેની સહાયતા માટે
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

298. સસ્તા ભાવે એલઈડી બલ્બ આપવા માટે પાવર મંત્રાલયે શરૂ કરેલી નવી યોજનાનું નામ શું છે ?

(A) ઉજાલા
(B) સૌર જ્યોતિ
(C) ગ્રામ ઉજાલા
(D) અટલ જ્યોતિ

299. કયા રાજ્યએ ગેઝેટ પ્રકાશનો માટે 'ઈ-ગેઝેટ' પોર્ટલ શરૂ કરેલ છે ?

(A) મહારાષ્ટ્ર
(B) ઉત્તરપ્રદેશ
(C) આંધ્રપ્રદેશ
(D) ઓરિસ્સા

300. કોવિડ-19 ના નમૂનાઓ ''પૂલ પરીક્ષણ'' માટે તબીબી સંશોધન માટેની ભારતીય પરિષદ (ICMR) ની મંજૂરી મેળવનાર પ્રથમ ભારતીય રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશ કયું છે ?

(A) મધ્યપ્રદેશ
(B) ઉત્તરપ્રદેશ
(C) કેરલ
(D) ગોવા